Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

શ્રી સાગર જૈન લાયબ્રેરી.
મરોલી.
પુસ્તક નં:

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ : ૫ ક્રમાંક ૫૯ અંક : ૧૧

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**णमो त्थु णं भगवओ महावीरस्स**

सिरि रायनयरमज्झे, संमीलिय सव्वसाहुसंमइयं ।
पत्तं मासियमेयं, भव्वाणं मग्गयं विसयं ॥ १ ॥

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )


| | | |
|---|---|---|
| વિક્રમ સંવત ૧૯૯૬ : | વીર સંવત ૨૪૬૬ : | ઇસ્વીસન ૧૯૪૦ |
| અષાડ શુદ ૧૧ : | સોમવાર : | જુલાઇ ૧૫ |


## વિ–ષ–ય—દ–ર્શ–ન


| | | |
|---|---|---|
| ૧ **पूजाचतुर्विंशतिका** | : **सं. श्री. प्रभुदास बे. पारेख** | : ૩૮૧ |
| ૨ પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન | : આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરિજી | : ૩૮૫ |
| ૩ શ્રી કાવી તીર્થના લેખો | : શ્રી. મોહનલાલ દ. દેસાઇ | : ૩૮૯ |
| ૪ નિહ્નવવાદ | : મુ. મ. શ્રી. ધુરંધરવિજયજી | : ૩૯૭ |
| ૫ જૈનધર્મી વીરોનાં પરાક્રમ | : શ્રી. મોહનલાલ દી. ચોકસી | : ૪૦૧ |
| ૬ શ્રી જિનેંદ્રપ્રતિમાની રચના | : મુ. મ. શ્રી. દર્શનવિજયજી | : ૪૦૩ |
| ૭ **मंत्रीश्वर वर्धमानशाह** | : **श्री. हजारीमलजी बांठिया** | : ૪૧૨ |
| ૮ મુર્ખપંચાશિકા અને ત્રેપન શિક્ષા | : મુ. મ. શ્રી. કાંતિસાગરજી | : ૪૧૪ |
| ૯ શ્રી પાર્શ્વનાથકલ્પ | : મુ. મ. શ્રી. યશોભદ્રવિજયજી | : ૪૧૭ |
| સમાચાર | | : ૪૨૦ની સામે |


## પૂજ્ય મુનિમહારાજોને વિજ્ઞપ્તિ

હવે ચતુર્માસ બેસવાની તૈયારી છે તો પોતપોતાનું ચતુર્માસ જ્યાં નિશ્ચિત થયું હોય ત્યાંનું સરનામું લખી જણાવવા સૌ પૂજ્ય મુનિમહારાજોને નમ્ર વિજ્ઞપ્તિ છે.


લવાજમ

સ્થાનિક ૧–૮–૦ બહારગામ ૨–૦–૦ છૂટક અંક ૦–૩–૦

મુદ્રક : નરોત્તમ હરગોવિંદ પંડયા, પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ, મુદ્રણસ્થાન : સુભાષ પ્રીન્ટરી સલાપોસ ક્રોસ રોડ અમદાવાદ, પ્રકાશનસ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઇની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન સત્ય પ્રકાશ

ક્રમાંક : ૫૯

માસિક પત્ર ] [ વર્ષ ૫ : અંક ૧૧

# पूजा–चतुर्विंशतिका

## [ શ્રી સિદ્ધસેનદિવાકરકૃત ચોવીશીનો સંભવ ]

સંગ્રાહક–શ્રીયુત પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।

॥ ई० ॥ ऐँ नमः ॥

नमिऊण वद्धमाणं धम्मनिहाणं जिणंदणुठाणं ।
वुच्छामि विबुहजणमणनिव्वुइजणयं खु भावविहिं ॥ १ ॥
अब्भप्पजोगजुत्तेहिं भव्वेहिं सयावि सावयजणेहिं ।
कायव्वा जिणपूया भावप्पसु दव्वगुणजुत्ता ॥ २ ॥
पुज्जाणं जा पूया सा पूया अप्पसुद्धिणो हेउं ।
अप्पपरम(प्प)रूवप्पयडणसंसाहिणी भणिया ॥ ३ ॥
तत्थय सुहरुइभूमी पहुगुणसलिलं खुतच्छ(सुत्तत्थ) दंतवणं ।
जा तज्जोगऽप्पम(व)त्ता सा णेया दंतवणसुद्धी ॥ ४ ॥
मिच्छत्तमलिणभावाऽवणयणन्हाणं अपच्छिह तणुलूहणं ।
धिइतोसधवलवत्थे कम्मठगच्छगणं मुहकोसो ॥ ५ ॥
एकग्गचित्तभावो उवलो सद्धा य चंदणुल्लेवो ।
सुहझाणरंगजुत्तो पवयणभत्ती परमपत्तं ॥ ६ ॥
पणववहारपणंगिपवयणजुत्तं विसेसयं भावे ।
अब्भविभावहरणं निम्मल्लुत्तारणं णेयं ॥ ७ ॥
भूसणमुब्भ(ज्झ)णमुवहिभावच्चयणं च अंगसब्भावो ।
भूसणपरिहावणयं अब्भप्पसहावणुब्भावो ॥ ८ ॥
विसयकसायग्गिसमो चंदणलेवो नियाणनिज्जवणं ।
जीवाइनवपयत्थ तत्तं नवबंभ सुद्धी वा ॥ ९ ॥
पंचाचारविसुद्धि पणलक्खणभूसणाइ सम्मत्तस्स ।
पुप्फोवयारकरणं तं पुण मालावरोह(व)णयं ॥१०॥
तत्तनयमाणचिंताघयपुण्णो नाणदिवओ जलिओ ।
तण्णिट्ठायसरावं सुहकिरिया धूवपरिवाडी ॥ ११ ॥
धम्मज्झाणग्गिजुया गयदूसणता णवंगअणुभासो ।
विहिकरणाइसुवासो परिमलपब्भारमुद्दिट्ठो ॥ १२ ॥
सुक्कज्झाणालंबणचामरसेढी य छत्तसुक्कप्पा ।
अडमयठाणोज्झावणमडमंगलठावणं पुरओ ॥ १३ ॥
नाणायाराइतंदुललिहणमगिद्धित्तिसारमारत्ती ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लवणोत्तारणकित्तिमधम्मच्चयणं विणिद्दिट्ठं ॥ १४ ॥
अविहिअहम्मपरूवणजणिया जाऽऽसायणापरिच्चाओ ।
आरत्तियउत्तारो दुगवेलं सद्धमित्थतुरो ॥ २५ ॥
कुनरकुदेवदुहत्तं दुहदुग्गइदुगमणपुव्वुत्तं ।
अहवा अड्ढाइज्जे दीवंमि तप्पुरक्कारा ॥ १६ ॥
जो सुद्धधम्मपयडणुब्भावणपरभा(मा)यगुणसमिद्धा य।
मंगलपईवसेणी कायव्वा दुहतमोहोई(हरणी) ॥ १७ ॥
नीरयनिम्मलसीयलसुब्भि(सुरहि)गंधा सुहा य इच्चाइ ।
तियकरणावंचणया बोहिफलमपुणबंधत्तं ॥ १८ ॥
अणुभवरससंपुण्णा पुग्गलदव्वाण जा अणासंसा ।
इच्चाइभावजणिया अठप्पयारी भवे पूया ॥ १९ ॥
अठंगजोगसाहणअठमयठाणवज्जणारूवा ।
दुठठकम्ममहणठयाए अडमंगलालिहियाणं ॥ २० ॥
पूया समाहिजणणी अप्पपरविवेयणी दुहमहणी ।
दुठठकम्ममहणी निठवणी सच्चवायाणं ॥ २१ ॥
कारुण्णसमुब्भवणी सब्भावणभाविणी पुमठस्स ।
बोहाण मणिण्हयस्स प्पभावसामत्थसुद्धीकरी ॥ २२ ॥
निच्चं जईणमेसा भावविसेसेहिं जाव सेलेसी ।
सड्ढाणं पुण महग्घदव्वेहिं हवइ भावजुया ॥ २३ ॥
पूया परमसहावा भुवणपडाया समत्थवित्थारा ।
उज्जोयपवणलुलिया जयओ(उ) चिरं भावणाकलसे ॥ २४ ॥
पुव्वाओ उद्धरीया चउविसी <u>सिद्धिसेणसूरेण</u> ।
बीया बोयप्पभावा दंसणकप्पदुमस्सेसा ॥ २५ ॥

इति पूजाचोविसी द्वितीया इतिश्री<u>सिद्धसेण</u>विरचितायां चतुर्विंशतिकायां द्वितीया चतुर्विंशतिका समाप्ता ।

लीο जैनयाचक(भोजक) मोहन गिरधर पाटण--गुजरात

શા ચિમનલાલ નગીનદાસ–મેસાણા–ની પાસેના હસ્તલિખિત ગ્રંથસંગ્રહના કેટલાક છુટક પાના પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયભક્તિસૂરિજી મહારાજના શિષ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભુવનવિજયજી મહારાજે મંગાવેલા તેમાંનો સંગ્રહ મેસાણા જૈન ઉપાશ્રયમાં એક બાજુએ પડેલ હતો તેમાંથી આ કૃતિનું એક પાનું મળી આવેલ છે.

એ પાનાના શોધીકાઢનાર ભોજક મોહનલાલ ગિરધરલાલનું માનવું એવું છે કે એ પાનામાંના અક્ષરો ઉપાધ્યાયજી મહારાજના અક્ષરોને મળતા છે. સંભવ છે કે તેઓશ્રીના હસ્તાક્ષરો પણ હોય.

એ પાનામાં ૨૫ ગાથાઓ છે અને તેનું નામ કર્તાએ **પૂજાચતુર્વિંશતિકા** જણાવ્યું છે. પચીશમી ગાથામાં **सिद्धिसेणसूरेण** શબ્દો આપ્યા છે તે ઉપરથી એના રચનાર તરીકે સિદ્ધિસેનસૂર એવું નામ મળી આવે છે. પુષ્પિકામાં **सिद्धसेणविरचितायां**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દો છે એ ઉપરથી **સિદ્ધસેનસૂરિ** સમજવા ? કે **સિદ્ધસેનદિવાકર** સમજવા ?—એ પ્રશ્ન થાય છે. પરંતુ ૨૫મી ગાથામાં **સૂરેણ** શબ્દ છે તેના સ્થાને જો **સૂરિણા** શબ્દ હોત તો આપણે **સિદ્ધસેનસૂરિ** માની શકત. પ્રાકૃત **સૂર** શબ્દનો અર્થ **સૂર્ય** થાય છે અને **દિવાકર** શબ્દનો અર્થ પણ **સૂર્ય** થાય છે અને તે ઉપરથી આ કૃતિના રચના કરનાર **સિદ્ધસેન** દિવાકર સમજવું સહેલું પડે છે. પરંતુ દિવાકરજીની બત્રીશીઓ પ્રસિદ્ધ છે, પણ ચોવીશીઓ પ્રસિદ્ધ નથી. તેમજ કોઇ પણ ગ્રંથમાં તેનાં અવતરણો પણ જાણવામાં આવ્યાં નથી. વળી પુષ્પિકામાં જણાવ્યા પ્રમાણે આ પૂજાચોવીશી બીજી ચોવીશી છે, તો પહેલી ચોવીશી કઇ હશે ? તેમજ એ ઉપરાંત ચોવીશી હશે કે નહિ ?—તે પ્રશ્નનો જવાબ અનુત્તર જ રહે છે.

હાલ જેમ વિદ્વાનો જુદા જુદા નિબંધો લખે છે તે પ્રમાણે અગાઉના વખતમાં અષ્ટક, ષોડશક, વીશી, ચોવીશી, પચ્ચીશી, બત્રીશી, પંચાશક, શતક વગેરે નામો નીચે શાસ્ત્રીય વિવિધ મુદ્દાઓ ઉપર સ્વતંત્ર રચનાઓ વિદ્વાનો કરતા હતા. તે મુજબ આ રચના કરવામાં આવેલી છે. આ ચોવીશીમાં મુખ્ય વિષય જિનપૂજા છે. દ્રવ્ય અને ભાવ બન્નેય પૂજાઓનું વર્ણન બહુ જ સુંદર રીતે આપવામાં આવ્યું છે. આ સાથે આપવામાં આવેલી મૂળચોવીશી અને તેના સરળ ગૂજરાતી ભાવાર્થ ઉપરથી વાચકો આ કૃતિની મનોહરતા જાણી શકશે.

પ્રત ઘણે સ્થળે અશુદ્ધ હોવા છતાં વિદ્વાનો પાઠની કલ્પના કરી શકે તે ખાતર જેમ છે તેમજ અહીં છાપી છે અને અમારી કલ્પનામાં આવેલ પાઠશુદ્ધિ મૂળપાઠ સામે કૌંસમાં આપવામાં આવેલ છે.

## ભાવાર્થ

આ કૃતિના ભાવાર્થમાં સંદિગ્ધ સ્થળોએ પ્રશ્ન ચિહ્ન (?) મૂકયું છે તેથી અન્ય વિદ્વાનો ભૂલ જણાય તો સુધારી શકશે.

ધર્મના ભંડાર શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને આત્માર્થી વિદ્વાન લોકોના મનને શાંતિ આપનાર ભાવવિધિરૂપ જિનેશ્વરોને લગતું અનુષ્ઠાન કહું છું. ૧

અધ્યાત્મયોગયુક્ત ભવ્ય શ્રાવકલોકોએ ભાવ ઉત્પન્ન કરનાર સારભૂત અને ગુણવાળા દ્રવ્યો વડે જિનપૂજા કરવી જોઈએ. ૨

પૂજ્યોની જે પૂજા તે આત્મશુદ્ધિનો હેતુ થાય છે. તે આત્મસ્વરૂપ અને પરમાત્મ-સ્વરૂપને કરનારી કહી છે. ૩

( હવે તેમાં—) શુભરુચિરૂપી ભૂમિ (ઉપર બેસવું), પ્રભુના ગુણરૂપી પાણી (લેવું), સૂત્રાર્થરૂપી દાતણ (કરવું) તે યોગમાં અપ્રમત્તતારૂપી દાંતની શુદ્ધિ (જાણવી). ૪

મિથ્યાત્વરૂપી મલિન ભાવ દૂર કરવારૂપી સ્નાન (કરવુ) અને પછી શરીર લૂંછવું. ધીરજ અને સંતોષરૂપી બે ધોળાં વસ્ત્રો (પહેરવાં) આઠકર્મને ઢાંકવારૂપી મુખકોષ (બાંધવો) ૫

ચિત્તના એકાગ્ર ભાવરૂપી ઓરસીયો (તે ઉપર) શ્રદ્ધારૂપી ચંદનનો ઉપલેપ (તૈયાર કરવો). (અને તેને) શુભ ધ્યાનરૂપી રંગયુક્ત કરવો (અને) પ્રવચનભક્તિરૂપી ઉત્તમ વાટકીમાં ભરવો. ૬

પાંચ વ્યવહાર અને પંચાંગી પ્રવચન મેળવવાથી ભાવમાં ઘણો વધારો કરનાર થશે. આત્માના વિભાવને દૂર કરનારૂં (પ્રભુના શરીરથી) નિર્માલ્યોનું ઉતારવાનું સમજવું. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવાદિ નવ પદાર્થોરૂપી તત્ત્વ અથવા બ્રહ્મચર્યની નવ શુદ્ધિઓ પાંચ આચારની શુદ્ધિ અથવા સમકિતના પાંચ લક્ષણો અને ભૂષણોરૂપી પુષ્પોપચાર કરવો. અને તેની જ વળી માળા બનાવીને પહેરાવવી.

તત્ત્વ નય અને પ્રમાણની વિચારણારૂપી ઘીથી ભરેલો જ્ઞાનરૂપી દીવો પેટાવવો. અને તેમાં લયલીન આત્મારૂપી ધૂપની પરિપાટી (રચવી) ૧૧

ધર્મધ્યાનરૂપ અગ્નિયુકત નિર્દોષતારૂપી નવ અંગોનો અનુભાસ (?) સમજવો. વિધિ-પૂર્વક ક્રિયાકરવારૂપી સુવાસ—વાસક્ષેપ અથવા તેનો સુગંધી પરિમલનો ઉછાળો સમજવો. ૧૨

શુકલધ્યાનના આલંબનરૂપી ચામરની શ્રેણી (ઉછાળવી) અને સારા આચાર (અથવા શુકલ આત્મા) રૂપી છત્રો ધરવાં. આઠ મદસ્થાનોના ત્યાગ કરવારૂપ આઠ મંગળ પ્રભુની આગળ આલેખવાં. ૧૩

જ્ઞાનાચારાદિ ચોખાનો આલેખ (કરવો.) અગૃદ્ધિ ત્રિકસારરૂપી આરતી (?) (ઉતારવી) કૃત્રિમ ધર્મોના ત્યાગ કરવારૂપી લુણ ઉત્તારણ બતાવ્યું છે. ૧૪

અવિધિ અને અધર્મની પ્રરૂપણાથી જે આશાતના થઇ હોય તેનો ત્યાગ કરવો. એ વખત આરતી ઉતારવી...વાજિંત્ર (સમજવા) (?) ૧૫

કુનર, કુદેવ, દુર્ભગત્વ, દુખ, દુર્ગતિ અને દુર્ગમન—દુર્વર્તન જે પ્રથમ કહેવામાં આવ્યું છે. (?) અથવા અઢી દ્વીપમાં તેને આગળ કરીને (?)—૧૬

—શુદ્ધ ધર્મનો જે પ્રભાવ પ્રકટ કરવો અને જે ઉચ્ચા પ્રકારના ગુણોની સમૃદ્ધિ ખીલવવી તેરૂપી મંગળ દીવાઓની દુઃખ અને અંધકાર—અજ્ઞાન—નો નાશ કરનારી—શ્રેણી કરવી. ૧૭

રજ વગરનું અને મેલ વગરનું—અથવા રજ અને મેલ રહિત થવારૂપી શિયળરૂપી સુગંધિ અને સુખકર (?) ત્રણ કરણની અવંચકતા સમકિત અને અપુનર્બંધત્વરૂપી ફળ (મળે છે). ૧૮

પુદ્ગલ દ્રવ્યોની પૂરા અનુભવરસથી ભરેલી અનાશંસા (તે પણ ફળ છે) અષ્ટપ્રકારી પૂજા ઇત્યાદિ ભાવોને ઉત્પન્ન કરનારી થાય છે. ૧૯

તે અષ્ટાંગયોગસાધન કરાવનારી તે આઠ મદસ્થાનોને ત્યાગ કરાવવારૂપ થાય છે, દુષ્ટ આઠ કર્મનો નાશ કરવા માટે આઠ મંગલો આલેખનારાઓને. ૨૦

પૂજા સમાધિ કરનારી થાય છે, આત્મા અને પરનો વિવેક કરાવનારી અને દુઃખનો નાશ કરનારી દુષ્ટ આઠ કર્મોનો નાશ કરનારી અને સત્ય વાદોને સંપૂર્ણ કરનારી થાય છે. ૨૧

કારુણ્ય ઉત્પન્ન કરનારી, પુરૂષાર્થની ઉત્તમ ભાવના ભવાવનારી અનિહ્નવભાવ પ્રકટ કરનાર (?) પ્રભાવ અને સામર્થ્યની શુદ્ધિ કરનારી છે. ૨૨

યતિઓને ભાવવિશેષો વડે શૈલેશીકરણ સુધી આ પૂજા હંમેશ કરવાની હોય છે. અને શ્રાવકોએ તો મહાકીમતી દ્રવ્યો લઇને ભાવપૂર્વક કરવી. ૨૩

ઉત્તમ સ્વભાવવાળી અને દરેક પ્રકારના વિસ્તારવાળી આ જિનપૂજા (શાસનના) ઉદ્યોતરૂપી પવનથી ફરકતી ત્રણ ભવનમાં ધ્વજા સમાન છે. ભાવનારૂપ કળશ ઉપર તે હમ્મેશાં જયવંત વર્તો. ૨૪.

સમ્યકત્વરૂપી કલ્પવૃક્ષના બીજ તરીકેનો પ્રભાવ ધારણ કરતી આ બીજી ચોવીશી શ્રી **સિદ્ધસેનદિવાકરે** પૂર્વમાંથી ઉદ્ધરી છે. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજી

[ ગતાંકથી ચાલુ ]

અચેલક [અવસ્ત્ર] પરીસહનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**सदोषवस्त्रादिपरिहारेणाल्पमूल्याल्पवस्त्रादिभिर्वर्तनमवस्त्रपरीषहः ।**

**અર્થ**—: ઉદ્‌ગમાદિ દોષવિશિષ્ટ વસ્તુઓનો પરિહાર કરી અલ્પમૂલ્યવાળાં અલ્પ વસ્ત્રાદિથી કામ ચલાવવું તે અવસ્ત્ર પરિસહ કહેવાય. સૂત્રમાં અલ્પમૂલ્યવાલા અલ્પ વસ્ત્ર પણ સદોષ ન ગ્રહણ કરવાં એ બતાવવા માટે સદોષ એ વિશેષણ મૂકયું છે. નિર્દોષ એવાં બહુમૂલ્યવાલા અલ્પ વસ્ત્ર દૂર કરવાને માટે અલ્પમૂલ્ય એ વિશેષણ મૂકયું છે. જો એવું વિશેષણ ન મુકાય અને બહુમૂલ્યવાલી અલ્પ વસ્તુ ગ્રહણ કરવામાં આવે તો પરિગ્રહાદિ દોષનો પ્રસંગ લાગે. નિર્દોષ અને અલ્પમૂલ્યવાલા એવા પણ બહુ વસ્ત્રો ન ગ્રહણ કરવા માટે અલ્પ વસ્ત્ર એ વિશેષણ મૂકયું છે. આ પરીસહનો સંભવ નવમા ગુણસ્થાનક સુધી છે. ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી આ પરીસહ હોઇ શકે છે.

હવે અરતિ પરીસહ કહે છે.

**अप्रीतिप्रयोजकसंयोगसमवधाने सत्यपि समतावलम्बनमरतिपरीषहः ।**

**અર્થ**—સૂત્રના ઉપદેશથી વિચરતા અથવા રહેતા સંયમ વિષયક ધૈર્યથી વિપરીતપણું ઉત્પન્ન થાય એવા પ્રકારના અપ્રીતિ પ્રયોજક સંયોગના સંભવમાં પણ સમ્યગ્ ધર્મારાધનામાં રતિવાલા થવું એ અરતિ પરીસહને જીતવાનું સાધન છે. અપ્રીતિ કરનાર સંયોગના હોવાથી અથવા ન હોવાથી સામ્યભાવનું આલંબન કરવું એ આનું સ્વરૂપ છે. નવમા ગુણસ્થાનક સુધી આ પરિસહ હોય છે. સ્ત્રી પરીસહનું સ્વરૂપ કહે છે.

**कामबुद्ध्या स्त्र्याद्यङ्गप्रत्यङ्गादिजन्यचेष्टानामवलोकनचिन्तनाभ्यां विरमणं स्त्रीपरीषहः । एते च चारित्रमोहनीयक्षयोपशमजन्याः ।**

**અર્થ** :— કામની બુદ્ધિથી સ્ત્રીઓના અંગપ્રત્યંગ, આકૃતિ, હાસ, ગતિ, વિલાસાદિ ચેષ્ટાઓનું વિલોકન કરવું અથવા ચિન્તવન કરવું, પૂર્ણ પાપ બંધનનું કારણ છે એવી સમજ પૂર્વક તત્સંબંધી આલોકન ચિંતનથી વિરમવાથી સ્ત્રીપરીસહનો જય કરી શકાય છે. કામપ્રયુક્ત સ્ત્રી આદિના અંગ, પ્રત્યંગ, ચેષ્ટા, આલોકન, ચિંતનની પ્રવૃત્તિથી રહિતપણું એ આ પરિસહનું લક્ષણ છે. ધર્મોપદેશ બુદ્ધિથી સ્ત્રીના અંગ અવલોકનમાં દોષનો અભાવ હેવાથી **कामबुद्ध्या** એ વિશષણ આપ્યું છે. અવલોકન માત્ર કહેવાથી ચિંતવન અને ચિંતવન માત્ર કહેવાથી અવલોકનના પરીહાર હોવાનો અસંભવ હોવાથી બન્ને પદોનું ગ્રહણ કર્યું છે. આ પરીસહ તથા પૂર્વના બે ચારિત્રમોહનીયના ઉદયથી હોય છે એટલે નવમા ગુણસ્થાનક સુધી રહી શકે છે. કારણ કે આગલના ગુણસ્થાનોમાં મોહનીયના ઉદયનો અભાવ હોવાથી હોઇ શકતા નથી. ચર્યાપરીસહનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું.

**एकत्र निवासममत्वपरिहारेण सनियमं ग्रामादिभ्रमणजन्यक्लेशादिसहनं चर्यापरीषहः । वेदनीयजन्योऽयम् ।**

**અર્થ** :-એકત્ર નિવાસનો તથા મમતાનો ત્યાગ કરી નિયમ પૂર્વક ગ્રામાદિ ભ્રમણથી ઉત્પન્ન થયેલ કલેશ આદિનું સહન કરવું તેનું નામ ચર્યાપરિષહ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્પષ્ટાર્થ**—નિસંગપણાને પામેલા, કલેશને સહન કરી શકે એવા, દેશ, કાલ, પ્રમાણોપેત માર્ગગમનનો અનુભવ કરતાં, યાન વાહન આદિનું સ્મરણ નહિ કરતા, સમ્યગ્ ગમનમાં આવતા દોષોને છોડતા સાધુ મહારાજ આ પરીસહનો જય કરી શકે છે. ચર્યા બે પ્રકારની હોય છે. એક દ્રવ્યથી અને બીજી ભાવથી. ગ્રામાનુગ્રામ વિચરવું તેનું નામ દ્રવ્યચર્યા છે. જ્યારે એક સ્થાનમાં રહેવા છતાં પણ તે જ સ્થાનમાં નિર્મમત્વપણે રહેવું તેનું નામ ભાવચર્યા કહેવાય. એ બન્ને વાતોને બતલાવવા માટે **एकत्र निवास ममत्वपरिहार** એ વિશેષણ મૂલમાં મૂક્યું છે. **सनियम** એ પદથી ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાત રોકાવું જોઈએ એ વાત બતલાવવામાં આવી છે. સર્વ ગુણસ્થાનકમાં આ પરિસહ (ચર્યાજય) વેદનીય કર્મનો ઉદય હોવા છતાંય સમતાના અવલંબનથી હોઈ શકે છે. નિષદ્યા પરિસહનું સ્વરૂપ

**स्त्रीपशुषण्ढकवर्जिते स्थाने निवासादनुकूलप्रतिकूलोपसर्गसंभवेऽप्यविचलितमनस्कत्वं निषद्यापरीषहः । चारित्रमोहनीयक्षयोपशमजन्योऽयम् ।**

અર્થ—સ્ત્રી, પુરૂષ અને નપુંસકથી રહિત સ્થાનમાં નિવાસ કરીને અનુકુલ, પ્રતિકુલ ઉપસર્ગના સંભવમાં પણ તે સ્થાન છોડવાનું મન ન કરવું અર્થાત્ સ્થિર મને રહેવું તેનું નામ નિષદ્યા પરીસહ કહેવાય. જેમાં રહીએ તેનું નામ નિષદ્યા કહેવાય. તે સ્ત્રી આદિ ઉપસર્ગથી રહિત હોય તો જ સારી રીતે બ્રહ્મચર્ય પાળી શકાય. વળી ત્યાં અનેક પ્રકારના અનુકુલ પ્રતિકુલ ઉપસર્ગ આવે તો મંત્ર વિદ્યા આદિના પ્રયોગથી દૂર કરવાની કોશિશ ન કરવી અને પૂર્વાનુભૂત સુખોનું સ્મરણ પણ ન કરવું ત્યારે આ પરીસહ સમ્યક્ સહ્યો કહેવાય. આ પરિસહને કોઇ નૈષેધિક પરીસહ કહે છે. તેનો અર્થ પાપકર્મનો અથવા ગમનાદિ ક્રિયાઓનો નિષેધ એ પ્રયોજન છે જેનું તે નૈષેધિકી કહેવાય. યાને શૂન્ય મકાન, સ્મશાન આદિ સ્વાધ્યાય ભૂમિ તેનો પરીસહ તે નૈષેધિકી પરીસહ કહેવાય. ચરિત્રમોહનીયના ક્ષયોપશમથી આ પરીસહ પેદા થવાથી નવમા ગુણસ્થાનક સુધી હોય છે.

શય્યા પરીસહનું લક્ષણ નીચે મુજબ જાણવું—

**प्रतिकूलसंस्तारकवसतिसेवनेऽनुद्विग्नमनस्कत्वं शय्यापरिषहः । अयं च वेदनीयक्षयोपशमजन्यः ।**

**અર્થ**:—પ્રતિકુલ સંથારો, વસતી વગેરે મળે તો તેના સેવનમાં મન નહિ બગાડવાનું નામ શય્યા પરીસહ છે. અર્થાત્ મોટા મોટા ધૂલના ઢગલા, ખાડાવાળી જમીન આદિથી ગભરાઇને પૂર્વ અનુભૂત માખણ જેવા કોમળ સ્થાન, શયનની રતિનું સ્મરણ નહિ કરતાં સમભાવે સહી લેવું તેનું નામ શય્યા પરીસહ છે. આ પરીસહ વેદનીયના ઉદયથી ઉત્પન્ન થતા, વિષમ શય્યાના દુઃખને ચારિત્રાવરણીયના ક્ષયોપશમથી સહન કરવાથી વેદનીય ક્ષયોપશમ જન્ય મનાય છે; આ સર્વ ઠેકાણે છે. આક્રોશ પરીસહનું સ્વરૂપ—

**निर्मूलं समूलं वा स्वस्मिन् कुप्यत्सु जनेषु समतावलम्बनमाक्रोशपरीषहः, चारित्रमोहनीयक्षयोपशमजन्योऽयम् ।**

**અર્થ**:—કારણે અથવા કારણ વિના પોતાના વિષે ક્રોધિત થતા જનોમાં રોષ ન લાવતાં વિચાર કરે કે મારા પર આક્રોશ જો કારણસર છે તો હું નિમિત્ત છું માટે મારે ગુસ્સે થવાની જરૂર નથી અને વિનાકારણે છે તો મારાથી કોઈ દોષજ નથી બન્યો ને નાહકના આ બિચારા ચીડાય છે, તો એવા ચીડીયા રોગી ઉપર દયા લાવવી જોઇએ એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ વિચારથી સમભાવનું અવલંબન કરવું તેનું નામ આક્રોશ પરીસહ છે. ચારીત્રમોહનીયના ઉદયથી આક્રોશ હોય અને તેના ક્ષયોયશમથી આક્રોશજયરૂપ પરીસહ હોઈ શકે છે માટે આનો સંભવ નવમા ગુણસ્થાનક સુધી હોઈ શકે છે. વધપરિસહનું સ્વરૂપ—

**परप्रयुक्तताडनतर्जनादीनां कायविनश्वरत्वविभावनया सहनं वधपरीषहः, वेदनीयक्षयोपशमजन्योऽयम् ।**

**અર્થ** :–બીજાઓ તરફથી કરવામાં આવતી તાડના તર્જનાઓને 'ગમે એવું રક્ષણ કરો તો પણ કાયા વિનશ્વર છે' એવા ભાવે સહન કરવી એનું નામ વધ પરીસહ કહેવાય. વેદનીયના ઉદયથી અને ચારિત્રાવરણીયના ક્ષયોપશમથી આ પરીસહ હોઇ શકે છે. વેદનીયનો ઉદય ચૌદમા ગુણસ્થાનક સુધી હોવાથી આની પણ ચૌદમા ગુણસ્થાનક સુધી સંભાવના કરાય છે. યાચના પરિસહનું સ્વરૂપ :–

**स्वधर्मदेहपालनार्थं चक्रवर्तिनोऽपि साधोर्याचनालज्जापरिहारो याचनापरीषहः । चारित्रमोहनीयक्षयोपशमजन्योऽयम् ।**

**અર્થ**–: પોતાના ધર્મના માટે દેહના પાલન કરવાને અર્થે ન કે પુષ્ટિના માટે પરથી મેલવવા લાયક અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય આદિની ચક્રવર્તિપણું છોડીને થએલ સાધુએ પણ અવશ્ય માગણી કરવી જોઇએ, અર્થાત્ શરમ નહિ રાખવી જોઇએ. આ જ રીતે લજ્જાને જીતી યાચના કરતાં સમભાવ રાખે તો આ પરિસહની પૂરી જીત થઇ શકે છે. રંક વગેરેની યાચના આ પરીસહમાં ન આવી જાય એટલા માટે **स्वधर्मदेहपालनार्थं** એ વિશેષણ મૂક્યું છે. આ ચારિત્ર મોહનીયાના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો હોઈ નવમા ગુણસ્થાનક સુધી હોઇ શકે છે. અલાભ પરીસહનું સ્વરૂપ છે :–

**याचितेऽपि वस्तुन्यप्राप्तौ विषादानवलम्बनमलाभपरीषहः, लाभान्तरायक्षयोपशमजन्योऽयम् ।**

**અર્થ** :– આવશ્યક વસ્તુનો યાચના કરે છતે પણ બીજાએ આપી નહિ તે વખતે એમ વિચારવું કે માલીકની ઇચ્છા હોય તો આપે છે, અને નથી હોતી ત્યારે નથી આપતો તેમાં મારે પરિતાપ કરવાની જરૂર શી? એવી રીતે જેને જ્યારે અંતરંગમાં વિકાર ન આવે ત્યારે અલાભ પરીસહને સહ્યો કહેવાય. લાભાન્તરાયના ક્ષયોપશમથીં આ ઉત્પન્ન થતો હોઇ બારમા ગુણસ્થાનક સુધી રહી શકે છે. હવે રોગ પરીસહનું સ્વરૂપ આ મુજબ :–

**रोगोद्भवे सत्यपि सम्यक् सहनं रोगपरीषहः ।**

**અર્થ** :– જ્વર, અતિસાર, કાસ, શ્વાસ આદિ મોટા રોગોની ઉત્પત્તિમાં પણ જિન કલ્પિકાદિ ચિકિત્સા કરાવતા નથી, પરંતુ સમ્યક્ પ્રકારે સહન કરે છે. સ્થવિર–કલ્પીઓએ પણ એવા રોગો આવતા સ્વકૃત કર્મોના વિપાકો વિચારી સમ્યક્ પ્રકારે સહન કરતાં શીખવું. સહન કરવાની તાકાતથી બહારની બિમારી માટે શાસ્ત્રોમાં કહેલી વિધિ પ્રમાણે ચિકિત્સા કરાવે તો પણ રોગ પરિસહ સહ્યો કહેવાય. વેદનીયોદયપ્રયુક્ત હોવાથી આ સર્વ ગુણસ્થાનકોમાં હોઇ શકે છે. હવે તૃણ પરિસહનું સ્વરૂપ બતાવે છે.

**जीर्णशीर्णसंस्तारकाधस्तनतीक्ष्णतृणानां कठोरस्पर्शजन्यक्लेशसहनं तृणस्पर्शपरीषहः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:-જીર્ણ શીર્ણ એવા સંથારાની નીચે તીક્ષ્ણ અણીવાલા ઘાસના કઠોર સ્પર્શથી ઉત્પન્ન થતા કલેશને સહન કરવો તે તૃણ સ્પર્શ પરીસહ કહેવાય. આ વેદનીયોદય પ્રયુકત હોવાથી સર્વ ગુણસ્થાનકમાં હોઈ શકે છે. મલ પરિસહનું લક્ષણ આ પ્રમાણે છે—

**शरीरनिष्ठमलापनयनानभिलाषा मलपरीषहः। वेदनीयक्षयोपशमजन्या एते।**

**અર્થ**—શરીરના પરસેવાથી ઉત્પન્ન થયેલ જે મેલ તે ગ્રીષ્મ ઋતુથી પીગલતાં દુર્ગંધ કરનાર તથા ઉદ્વેગ કરનાર થાય છે તેને દૂર કરવાને માટે કોઇ પણ વખતે સ્નાનાદિની અભિલાષા ન કરવી જોઇએ, અર્થાત્ શરીર ઉપર રહેલા મેલને દૂર કરવાની અનિચ્છાએ મલ પરીસહ જીતાય છે. વેદનીયના ક્ષયોપશમથી એ પેદા થાય છે અર્થાત્ મલનું દુઃખ તે વેદનીયોદય છે અને તેનો જય ચારિત્રાવરણીયના ક્ષયોપશમથી છે. આ ચૌદમા ગુણસ્થાનક સુધી રહે છે. હવે સત્કાર પરીસહનું સ્વરૂપ દર્શાવે છે.

**भक्तजनानुष्ठितातिसत्कारेऽपि गर्वपराङ्मुखत्वं सत्कारपरीषहः। अयं च चारित्रमोहनीयक्षयोपशमजन्यः।**

**અર્થ**:—ભકતજનો વડે ભોજન, પાણી, વસ્ત્ર, પાત્ર આદિથી કરાએલ સત્કારો તથા સદ્ભૂત ગુણોના કીર્તન, વંદન, અભ્યુત્થાન, આસનપ્રદાન આદિ વ્યવહારો જોઈ ફુલાઈ ન જતાં સમભાવમાં રહેવું, સત્કાર ન કરે તો ખેદ ન કરવો આનું નામ સત્કાર પરીસહ કહેવાય છે. એકલું **गर्वपराङ्मुखत्वं** એટલું જ સત્કાર પરીસહનું લક્ષણ બાંધીએ તો પ્રજ્ઞા પરીસહમાં ચાલ્યું જાય માટે **भक्तजनानुष्ठितातिसत्कारेऽपि** એ વિશેષણ આપ્યું છે. ચરિત્રમોહનીયથી સત્કારમાં ગર્વ ઉત્પન્ન થાય છે અને તેના ક્ષયોપશમથી તેનો વિજય થાય છે એટલે આ નવમા ગુણસ્થાનક સુધી હોઇ શકે. પ્રજ્ઞાપરીસહનું સ્વરૂપ બતાવે છે.

**बुद्धिकुशलत्वेऽपि मानापरिग्रहः प्रज्ञापरीषहः। ज्ञानावरणक्षयोपशमजन्यः।**

**અર્થ**:—બુદ્ધિનું કુશલપણું હોવા છતાંય માન ધારણ ન કરવું તેનું નામ પ્રજ્ઞાપરીસહ કહેવાય. **बुद्धिकुशलत्व** એ વિશેષણ આપવામાં ન આવે તો લક્ષણ સત્કારમાં ચાલ્યું જાય માટે તે વિશેષણ મૂકયું છે. આ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી હોય છે. એટલે તે બારમા ગુણસ્થાનક સુધી હોઇ શકે. હવે અજ્ઞાન પરીસહ બતાવે છે–

**बुद्धिशून्यत्वेऽप्यखिन्नत्वमज्ञानपरीषहः। ज्ञानावरणक्षयोपशमजन्यः।**

**અર્થ**—: બુદ્ધિ ન હોવા છતાંય ખેદ ન કરવો તેનું નામ અજ્ઞાન પરીસહ કહેવાય. દ્વાદશાંગીનું સંપૂર્ણ જ્ઞાન તે બુદ્ધિ કહેવાય. તેને મેળવવાનો ઉદ્યમ જારી રાખતાં તે ન મલે તો ખેદ ન કરે તો જ અજ્ઞાનનો વિજય થઇ શકે છે. જ્ઞાનવરણીય કર્મના ઉદયથી મારી આ દશા થઇ છે, સ્વકૃત કર્મને ભોગવ્યા પછી અથવા તપ આદિથી દૂર કરવાથી જરૂર હું તે જ્ઞાનને પામી શકીશ એવી ભાવના આ પરીસહના વિજયમાં સહકારીણી બને છે. આ પરીસહ બારમા ગુણસ્થાનક સુધી હોઈ શકે છે. હવે સમ્યકત્વ પરીસહને દર્શાવે છે.

**इतरदर्शनचमत्कारदर्शनेऽपि स्वदेवतासान्निध्याभावे जैनधर्मश्रद्धातोऽविचलनं सम्यक्त्वपरीषहः। दर्शनमोहनीयक्षय-क्षयोपशमजन्योऽयम्।**

**અર્થ**—બીજા દર્શનોના ચમત્કારો દેખવા છતાં અને પોતાના દેવોના સાનિધ્યનો અભાવ હોવા છતાં સમ્યકત્વથી ચલાયમાન ન થવું એનું નામ સમ્યકત્વ પરીસહ કહેવાય. અને આ દર્શનમોહનીયના ક્ષયોપશમથી જન્ય હોવાથી નવમા ગુણસ્થાનક સુધી હોઈ શકે છે. (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કાવી તીર્થના લેખો

લેખક–શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઈ, B. A. LL. B. Advocate.

કાવી બંદર ખંભાત બંદરના સામા કાંઠે આવેલ છે. તે બંદરથી એક ગાઉ દૂર કાવી ગામ આવેલું છે ને તે ભરૂચથી જંબૂસર થઈને જતી રેલ ગાડીનું છેલ્લું સ્ટેશન છે. તે ગામમાં બે ભવ્ય અને મનોહર જૈન મંદિરો છે ને તેના વાડાની અંદર નાની નાની ઓરડીઓવાળી ધર્મશાળા કરવામાં આવી છે અને તેનો વહીવટ ભરૂચના જૈન શેઠીઆઓ તરફથી થાય છે. એક ખુણામાં આવેલું છેવટના સ્ટેશનનું આ નાનું ગામ તેના ઉક્ત સુંદર દેરાસરોને લઈને અનેક જૈન યાત્રીઓને આકર્ષે છે. હું પણ ગત મે માસની અમારી કોર્ટની છુટીનો લાભ લઈ ભરૂચ ઉતરી ત્યાંનાં જૈનમંદિરોની યાત્રા કરી પ્રાચીન જૈન મંદિરોમાંથી ફેરવાયેલી મસજીદો જોઈ કાવી ગયો ને ત્યાંનાં શ્રી આદિનાથ અને શ્રી ધર્મનાથનાં '**સર્વજિત પ્રાસાદ** અને **રત્નતિલક પ્રાસાદ**' એ નામનાં મંદિરોનાં પવિત્ર દર્શન કરી આંખ અને મન બંનેને પ્રસન્ન કર્યાં. આ બંને 'સાસુ વહુનાં મંદિરો' તરીકે લોકોમાં કહેવાય છે, અને તે મથાળાથી તે બંનેના પ્રધાન શિલાલેખો સહિતનો લેખ 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના સં. ૧૯૯૫ ના વૈશાખ–જેઠના સંયુક્ત અંકમાં ને અષાડના અંકમાં લેખોના ભાષાંતર સહિત મુનિ શ્રી સુશીલવિજયજીએ બહાર પડાવેલ છે.

તે લેખમાં પ્રકટ થયેલ મોટો લેખ પ્રસિદ્ધ થયેલ નથી એમ સૂચવ્યું છે તે યથાર્થ નથી. તે અને રત્નતિલક પ્રાસાદનો ટૂંકો લેખ બંને નં. ૪૫૧ થી ૪૫૩ તરીકે શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ દ્વિતીય ભાગમાં પ્રકટ થયેલ છે અને તે ઉપરાંત નં. ૪૫૪નો લેખ શ્રી આદિનાથ પાદુકાનો પણ છપાયો છે. 'શ્રી જૈન સત્ય પ્રકાશ'માં પ્રકટ થયેલ મોટા લેખની વિશેષતા એ છે કે તેના શ્લોકોના છંદોનાં નામો કૌંસમાં આપેલાં છે.

મેં ત્યાં જઈ શ્રી આદિનાથપાદુકા કે જે સર્વજિત પ્રાસાદના આંગણમાં સામેની એક નાની ગોખલા જેવી દેરીમાં પ્રતિષ્ઠિત કરેલી છે તેનો લેખ ઉતારી લીધો અને તે શ્રી જિનવિજયજીના સંગ્રહના નં. ૪૫૪ સાથે સરખાવતાં અમુક શબ્દો તેમાંથી પડી ગયેલા જણાયા, તેથી તે અને તે બંને પ્રાસાદોમાંની પાષાણ પ્રતિમા, પરિકર, તેમજ ધાતુપ્રતિમા પરના લેખો મેં ઉતારી લીધા તે અહીં આપું છું.

**શ્રી આદિનાથપાદુકાનો લેખ—**

**॥ ९० ॥ अलाई ४५ सं. १६५६ वर्षे वैशाख शु. ७ बुधे स्तंभतीर्थवास्तव्य वृद्धनगरीय लघुशाखा नागरज्ञातीय गां. अलुआ सुत गांधी लाडिका भार्या पती सुत गांधी बाढुआ भार्या हीरादे सुत गां. कुंअरजी गां. धर्म्मदास गां. वीरदासाभिधानैः । श्री आदिनाथपादुका कारिता प्रतिष्ठिता च सकलसूरिशिरोमणि भट्टारक श्री ५ श्री ॥ आणंदविमलसूरि पट्टालंकार भट्टारक श्री५श्री विजयदानसूरीश पदवी प्रतिष्ठ । सुविहितसूरीश्वरगुणगरीष्ट ॥ साहिश्री श्री अकब्बर भूपालप्रदत्त जगद्गुरु बिरुद विराजमान । समुन्मूलित वादिवृंदाभिमान तपागच्छाधिराज श्री ५ श्री । हीरविजयसूरिपट्टेंदु साहिश्री अकब्बर सभाप्राप्तजयवाद । वाप्तं सवाइजगद्गुरु बिरुद श्री ५ श्री विजयसेन सार्वभूमैरिति मंगलं ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વજિત નામનો શ્રી ઋષભદેવપ્રાસાદ બંધાઈને આખો સં. ૧૬૪૯ના માર્ગશીર્ષ શુદિ ૧૩ સોમે તૈયાર થયો. જ્યારે ઉક્ત પાદુકાને ત્યાર પછી સાત વર્ષ અને પાંચ માસ એટલે સંવત્ ૧૬૫૬ના વૈશાખ શુદિ ૭ બુધે વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠિત કરી. [અલાઇ તે અકબર બાદશાહના રાજ્યાભિષેકથી શરૂ થતું વર્ષ છે, તેનાં ૪૫ વર્ષે એટલે સને ૧૬૦૧, અને વિ. સ. ૧૬૫૬.] આ ઉપરથી અનુમાન થાય છે કે ઋષભદેવની પ્રતિષ્ઠા પણ તે સં. ૧૬૫૬ના વૈશાખ શુદ ૭ ને દિને થઇ હશે યા તો ધર્મનાથપ્રાસાદના મૂલનાયકની પ્રતિષ્ઠા સં ૧૬૫૫ના માર્ગશીર્ષ શુદ ૫ ગુરૂએ થઈ ત્યારે થઇ હશે.

હવે આપણે કયાંય પ્રસિદ્ધ નથી થયેલ એ લેખો અત્રે ઉતારીએ—ઋષભદેવપ્રાસાદમાં મૂલનાયકની પ્રતિમા પર લેખ નથી. તેની જમણી બાજુની બે પાષાણ પ્રતિમા પૈકી એકમાં અને ડાબી બાજુની બે પૈકી એકમાં કોરેલા અનુક્રમે નીચેના બે લેખ છે.

**श्रीमहावीरबिंबं प्रतिष्ठितं तपागच्छे भट्टारक श्रीविजयसेनसूरिभिरिति भद्रम् ॥ श्री**

**श्री आदिनाथबिंबं श्रीविजयसेनसूरिभिः ।**

બીજો—રત્નતિલક નામનો બાવન જિનાલય સહિત ધર્મનાથપ્રાસાદ ગાંધી કુંવરજીએ બંધાવેલો તે સંવત ૧૬૫૪ના શ્રાવણ વદિ ૯ શનિએ પૂરો થયો. તેના મૂલનાયક શ્રી ધર્મનાથની પ્રતિષ્ઠા ઉક્ત શ્રી વિજયસેનસૂરિએ સં. ૧૬૫૫ના માર્ગશીર્ષ શુદ ૫ ગુરૂવારે કરી તે સૂચવતો તેમની પ્રતિમા પરનો લેખ નીચે મુજબ છે:—

**अलाइ ४४ संवत् १६५५ व. मार्ग. सु. ५ गुरौ श्री धर्मनाथ बिं. प्र. च अन्यतीर्थीयपरिचिंतायामपि पातसाह श्री अकब्बर नरचक्रवर्तिसभायां जिनशासनव्यवस्थापनेन जगत्प्रसिद्धजयधारिभिः श्री विजयसेनसूरिभिः तपागच्छे ।**

આ મૂલનાયકનો સુંદર આરસનો પરિકર છે જેની ડાબી અને જમણી બાજુએ નીચે પ્રમાણે લગભગ એક સરખા આપેલા લેખપરથી જણાય છે કે તેની પ્રતિષ્ઠા તેજ આચાર્યશ્રીએ સં. ૧૬૫૬ના વૈશાખ શુદ ૭ બુધે (કે જે દિને ઉપર જોઈ ગયા તેમ શ્રી આદિનાથ પાદુકાને તેમણે પ્રતિષ્ઠિત કરી હતી) કરી.

**अलाई ४५ सं. १६५६ वर्षे वैशा. शु. ७ बु. स्तंभतीर्थवास्तव्य लघुनागरज्ञातीयां गांधी अलुआ सु. गां. लाडिका सुत गां. बाढुआ सु. गां. कुअरजीकेन भार्या तेजलदे सु. गां. काहानजीयुतेन श्री धर्मनाथ परिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे भट्टारक श्री ५ श्री विजयसेनसूरिभिः ॥**

બીજો લેખ લગભગ એક સરખો છે તેથી અત્ર મૂકયો નથી.

આ મૂલનાયકની ડાબી બાજુની બે પાષાણ-પ્રતિમા પરના અશુદ્ધ લેખ બે પ્રમાણે છે કે—

**श्री शांतनाथं बिंबं प्रतीष्ठतं च श्री वजयसेनसूरिभी ।**
**श्री शंभवनाथ बंबं प्रतीष्टंतं च श्री वजयसेनसूरिभी: ।**

જ્યારે જમણી બાજુની બે પાષાણ પ્રતિમાપર કંઇ લેખ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપણે બંને પ્રાસાદની ધાતુ પ્રતિમાઓ પરના લેખ વર્ષાનુક્રમે મૂકીએઃ–

**[१] सं. १३५० वै. वदि ५ शुक्रे श्रे. धणपाल भा. देइ (?) पुत्र श्रे. पाद्दाकेन पितुर्श्रेयसे श्री शांतिनाथबिंबं कारितं प्र. श्री नन्नसूरिभिः क. ग.** (એટલે કવલા ગચ્છે)

**[२] संवत १५३१ वर्ष माह वदि ८ सोमे प्राग्वाट ज्ञातीय सं. मेरा भा. गोरी सुत भोजाकेन भा. चांइ सुत रांडादि कुटंबयुतेन स्वश्रेयसे श्री शांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्री तपागच्छे श्री लक्ष्मीसागरसूरि शिष्य श्री सौमज. सूरिभिः**

**[३] संवत १५३५ माघ सुदि ९ सोमे प्राग्वाट ज्ञातीय । सं. रामा भा. हेमाइ नाम्ना पंचम्युद्यापने प्रतिमापंचकं कारापितं श्री आदिनाथबिंबं प्रतिष्ठितं श्री उदयसागरसूरिभिः ।** (પંચતીર્થી)

**[४] सं. १५४१ वर्षे वैशाख वदि ५ गुरौ गंधार वास्तव्य श्री श्रीमाल ज्ञातीय श्रे. हेमा भा. पकू सु. पासवीर सवधीरभ्यां भा. मणकाइ सु. वर्द्धमानादिकुटुंबयुताभ्यां स्वश्रेयसे श्री श्रेयांसबिंबं का. प्र. श्री वृद्धतपापक्षे श्री ज्ञानसागरसूरिपट्टे श्री उदयसागरसूरिभिः**

**[५] संवत् १५४३ वर्षे वैशाख वदि धायडज्ञातीय मं. गणीया भा. अकू सुता शाणी नाम्न्या स्वश्रेयसे स्वसरकुले भ. श्रे. घूघा श्री आदिनाथबिंबं कारितं आगमगच्छे श्री अमररत्नसूरीणामुपदेशात प्रतिष्ठितं च देकावोडा वास्तव्य श्री**

એક ધાતુના સિદ્ધચક્ર પર નીચેનો લેખ છેઃ—

**संवत १५४८ व. वैशाष शु. सांपलाग्रामे । श्री संघश्रेयसे**

ઉક્ત શ્રી ઋષભદેવ અને શ્રી ધર્મનાથના બંને પ્રાસાદોની લેખપ્રશસ્તિઓ પરથી તે બંધાવનાર તરીકે પોતાના ત્રણ પુત્ર નામે કુંવરજી, ધર્મદાસ અને વીરદાસ સહિત બાહુઓ, અને કુંવરજી એકલો એમ છે. પહેલા પ્રાસાદના લેખમાં બાહુઆની બે પત્ની નામે પોપટી અને હીરા એમ બે પત્નીઓ હતી અને પોપટીથી કુંવરજી અને હીરાથી ધર્મદાસ અને વીરદાસ એ નામના પુત્રો થયા હતા એમ જણાવેલું છે; પણ કુંવરજીને વીરાંબાઇ નામની સ્ત્રી હતી એવું ક્યાંય જણાવ્યું નથી, તો પછી 'શ્રી જૈન સત્ય પ્રકાશ'માંના લેખના લેખક મુનિરાજશ્રી સુશીલવિજયજી એ નામ કૌંસમાં મૂકી ક્યાંથી પ્રાપ્ત કરે છે એ જણાવતા નથી; તેમણે 'શ્રી દીપવિજયજી કવિરાજે આ શ્રી ઋષભદેવ તથા ધર્મનાથના સ્તવનની ઢાલ વિ, સં. ૧૮૮૬માં બનાવી છે. એ છપાયેલી છે કે નહીં તે મારા ધ્યાનમાં નથી,' એમ જણાવ્યું છે પણ તે તેમણે જોયું લાગે છે એની ખાત્રી થાય છે. અને તેમાં કુંવરજીની વહુ વીરાંબાઇ હતી અને તે વીરાં અને તેની સાસુ હીરાંને શબ્દઝઘડો થતાં આ બન્ને પ્રાસાદની ઉત્પત્તિ થઇ તે વાત આપેલી છે તે પરથી સાસુવહુનાં મંદિરો એવું આખા લેખને નામ આપ્યું છે. તે સ્તવન પૃ. ૧૭૧થી ૧૭૯માં પ્રાચીન તીર્થમાલામાં છપાયેલ છે, તેની રચના સં. ૧૮૮૬માં આપેલ છે. અને તે સ્તવનના કર્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીપવિજયના હસ્તાક્ષરમાં જ લખેલી પ્રત પરથી મેં કરેલી નકલ નીચે આપું છું તે પરથી જણાશે કે તે સ્તવન સં. ૧૮૮૮માં રચેલ છે. તે સ્તવનમાં કેટલીક દેખાતી સ્ખલના વગેરે પછી જોઇશું.

## કવિ દીપવિજયકૃત શ્રી કાવીતીર્થે સાસૂ-વહુકારાપિત પ્રાસાદે ઋષભ-ધર્મનાથ સ્તવન

( અવિનાશીની સેજડીઇં રંગ લાગો માહરી સજની—એ દેશી )

**ઋષભ** જિણંદ ને **ધરમ** પ્રભુના, પ્રેમેં પ્રણમી પાય જી;
**કાવી** તીરથમાંહે બિરાજે, જગજીવન જિનરાય. સાંભલ સજની ૧
સાસૂ વહુઈ વાદવિવાદેં, દેવલ શિખર બનાયા જી;
તેહની ઉતપત સઘલી વરણું, જે જસ સુકૃત કમાયા. સાં. ૨
**ગુજર** દેસેં શ્રી **વડનગરે**, **નાગર** નાત સવાઇ જી;
ભદ્ર સિઆણા[1] ગોત્ર છે જેહનું, શ્રાવક ધરમ વડાઈ. સાં. ૩
**નાગર** વણિક અને લઘુ શાખા, ભાષા મધુરી વાંણી જી;
**દેપાલ ગાંધી** ધરમ ધુરંધર, જીવ દયા ગુણ ખાંણી. સાં. ૪
સકલ કુટંબ સહુ પરિવારે, **ખંભાત** નગરે આયા જી;
વણજ કરતાં પુન્ય પસાઈં, કોટી દ્રવ્ય કમાયા. સાં. ૫
તેહનો સુત એક **અલુઓ** ગાંધી, તે પણ પુન્યવિશાલ જી;
તસ સુત **લાડકો** ગાંધી ગીરૂઓ, જીવ દયાપ્રતિપાલ. સાં. ૭
તેહની ધરમ વહુ કૂખેથી, દો સુત છે વડભાગી જી;
**બાડુઅ ગાંધી** ને **ગંગાધર**, જિનગુણના બેહુરાગી. સાં. ૭
**દીપવિજય** કવિરાજ સદાઈ, જેહનેં પુન્ય સખાઇ જી;
ચઢતા ભાવ સદા સુખદાઈ, પુરવ સુકૃત કમાઈ. સાં. ૮

( ઢાલ ૧—આદિ જિણેસર વિનતિ હમારી—એ દેશી )

**બાડુઆ** ગાંધીને છે દોય ઘરણી, **પોપટી** વહુ **હીરાંબાઇ** રે;
**હીરાબાઈ**ને પુન્ય સંજોગે, તીન પુત્ર સુખદાઇ રે.
જુઓ એહ પુન્ય તણી સહુ લીલા. ૧
પેહેલો **ગાંધી કુંઅરજી** બીજો, **ધરમદાસ** નેં **સુવીર** રે;
**કુંઅરજી** ગાંધીનેં છે એક ઘરણી, **વીરાંબાઇ** ગુણધીર રે. જુઓ. ૨
માત પિતા સુત વહુઅર **વીરાં**, સાથે ધરમના કાંમ રે;
પોસા પડિકમણાં જિનભક્તિ, લોકોત્તર વિસરામ રે. જુઓ. ૩
એક દિન સકલ કુટુંબ મલીનેં, સુકૃત મનોરથ ભાવે રે;
**કાવી** સેહેર અનોપમ ભૂમી, દેખી પ્રાસાદ બનાવે રે. જુઓ. ૪

૧ કવિએ આ સુધારી મૂકયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ત**પગચ્છપતી શ્રી **સેનસૂરીસર**, બહુ પરિકર ગણિ સાથે રે;
**સંપ્રતિ** નૃપ વારાની પ્રતિમા, થાપે **ઋષભ** જગનાથ રે. જુઓ. ૫
સંવત **સોલ** નેં **ઉગણપંચાસે**, **ઋષભ** પ્રભુ મહારાજ રે;
શુભ મુહુરત દિન તખત બિરાજ્યા, **દીપવિજય** કવિરાજ રે. જુઓ. ૬

[ ઢાલ-૨ ઝીણા ઝરમર વરસે મેહ ભીંજે માહરી ચુનડલી-એ દેશી
તથા, મ્હારે દીવાલી થઇ આજ જિનમુખ જોવાને-એ દેશી ]

**હીરાંબાઈ** સાસૂ નેં **વીરાં** વહુજી, દરસન કરવા આવે રે;
વહુ ઉંચી ને બારણું નીચું, દેખી સીસ ધુણાવે.
સાજન સુણજ્યો, એહ સાસૂ વહુ સંવાદ. સાજન. ૧
બાઇજી શિખર કર્યો બહુમૂલો, બારણું નીચું કીધું રે;
સાંભળી સાસૂ રીસ ચઢાવી, વહુને મેહેણું દીધું. સાજન. ૨
'વહુજી! તમનેં હોંસ હોઇ તો, પીહરથી દ્રવ્ય મંગાવો રે;
ઉંચાં નીચાં સમઝી કરજ્યો, મોટો સિખર બનાવો.' સાજન. ૩
સાસૂ મેહેણા ઉપર વહુઇ, પીયરથી દ્રવ્ય મંગાયો રે;
સંવત **સોલપંચાસે** વહુઇં, મુહુરત ખાત કરાયો. સાજન. ૪
પાંચ વરસમેં બાવન જિનાલો, દેવલ તુરત બનાયો રે;
**'રતનતિલક'** પ્રાસાદ છે જેહનું, ઉત્તમ નાંમ સોહાયો. સાજન. ૫
**ત**પગચ્છપતો શ્રી **સેનસૂરીસર**, તે પણ સમયેં આવે રે;
સંવત **સોલપંચાવન** વરસેં, અંજન સિલાક બનાવે. સાજન. ૬
શ્રાવણ શુદિ નવમીનેં દિવસે, **ધરમનાથ** જગરાજે રે;
**દીપવિજય** કવિરાજ પ્રભુજી, તે દિન તખત વિરાજે. સાજન. ૭

( **ઢાલ** ૩-સમુદ્રવિજય સુત ચંદલો સાંમલીયાજી-એ દેશી )

**સાહમી સાહમી દીપતા વિસરામી રે, સિખરા દો પ્રાસાદ, ગુણ વિસરામી રે;**
સિદ્ધાચલની માંડણી, વિ૦ ગાજે શુહિરે નાદ, ગુ. ૧
વલી કોઇ સાસૂ ને વહુ, વિ૦ કરજ્યો એહવા વાદ, ગુ.
ધરમવાદ ફલ પુન્યના, વિ૦ બીજા સહુ વિખવાદ, ગુ. ૨
'સાસૂ વહુનાં દેહરાં', વિ૦ ચાલી જગમાં ખ્યાત, ગુ.
સાસૂ વહુ**ની** જોડલી, વિ૦ ધન **નાગર**ની નાત, ગુ. ૩
સંઘવી દેસ વિદેસના, વિ૦ સંઘપતિ નામ ધરાય, ગુ.
તીરથ યાત્રા ઉમહ્યા, વિ૦ સુકૃત ધરમ કમાય, ગુ. ૪
**જંબૂસર**નો સંઘ દીપતો વિ૦ એ તીરથનો રખવાલ, ગુ.
તીરથની સેવા કરે, વિ૦ પુન્યતણી પરનાલ, ગુ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવંત **અઢારસે એઠયાસીયે**, વિ૦ ગાયા તીરથરાજ, ગુ.
**ઋષભ ધરમ** જિનરાજજી, વિ. **દીપવિજય** કવિરાજ, ગુ. ૬

—ઈતિશ્રી કાવીતીર્થ સાસૂ વહુ કારાપિત પ્રાસાદ ઉત્પત્તિ । ઋષભદેવ । ધરમનાથ સ્તવન. લિ૦ પં. દીપવિજય કવિરાજેન (કવિના હસ્તાક્ષરમાં) ૨–૧૪ પાદરા નં. ૧૦૭

આ સ્તવન પરથી જણાય છે કે કવિ દીપવિજયે મૂલ લેખ, વાંચીને તેને અનુરૂપ અદિ ભાગ રચ્યો છે; પછી પહેલી ઢાળ આવે છે તેમાં બાહૂઆની બે પત્નીનાં બરાબર નામ પોપટી અને હીરા આપી હીરાબાઇને ત્રણ ગણાવેલા પુત્ર થયા એ જણાવેલું છે તે બરાબર નથી. પોપટી બાઇને કુંવરજી અને હીરાંને ધર્મદાસ અને વીરદાસ પુત્રો થયા એમ સંસ્કૃત મૂલ લેખમાં જણાવેલું સમજાય છે.

બીજું કુંવરજીને વીરાંબાઈ નામની પત્ની હતી અને માતાપિતા સુત વહુઅર વીરાં એ સર્વ કુટુંબે મળીને પ્રાસાદ બંધાવ્યો એ વાત શા પરથી દીપવિજયે જણાવી હશે તે સમજાતું નથી. લેખમાં તો વીરાંબાઈનું નામ નથી તેમજ પ્રાસાદ બંધાવનાર તરીકે છેવટની પ્રશસ્તિમાં બાહુઆએ પોતાના ઉક્ત ત્રણે સુત મળીને બંધાવ્યું એમ સ્પષ્ટ જણાવ્યું છે.

ત્રીજું એ પ્રાસાદમાં સંપ્રતિ રાજાના વખતની ઋષભવદેવની પ્રતિમા (વિજય)સેન સૂરિએ સં. ૧૬૪૯માં સ્થાપીને તખતપર તેને બેસાડી, એ જણાવેલ છે તે પણ સાવ યથાર્થ નથી. લેખ જણાવે છે કે તે પ્રાસાદ 'સં. ૧૬૪૯ માગશર સુદ ૧૩ને સોમવારે બનાવ્યો અને તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ કરી,' એટલે તે સંવત્ ૧૬૪૯ બંધાઇ રહ્યો, તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ કરી, પણ તે પ્રતિષ્ઠા સં. ૧૬૪૯ના માગસર સુદ ૧૩ને સોમવારે જ તે સૂરિએ કરી એમ સ્વીકારવું એ વિજયપ્રશસ્તિ જેવા વિશ્વસનીય પ્રમાણ પરથી યોગ્ય ઠરતું નથી.

વિજયપ્રશસ્તિમાં જણાવેલું છે કેઃ–'સં. ૧૬૪૮ ગુજરાતી વર્ષમાં હીરવિજયસૂરિ સાથે વિજયસેનસૂરિનું ચોમાસું રાધનપુરમાં હતું અને તે દરમ્યાન વિજયસેનસૂરિને પોતાની પાસે મોકલવા અકબર બાદશાહનો પત્ર આવતાં ગુરૂની આજ્ઞા થતાં ચોમાસાબાદ વિજયસેનસૂરિએ સં. ૧૬૪૯ માર્ગશીર્ષ શુકલ ત્રીજને દિને લાહોર તરફ પ્રયાણ કર્યું. પ્રથમ પાટણ, પછી આબુ, દેલવાડા, શિરોહી, નારદપુરી (નાદોલ), મેડતા, વૈરાટનગર–મહિમાનગર, લુધિયાના ને છેવટે લાહોરમાં સં. ૧૬૪૯ના જ્યેષ્ઠ શુકલ દ્વાદશીને દિને પ્રવેશ કર્યો.' આ પરથી જણાશે કે કાવીનો ઉક્ત પ્રાસાદ સં. ૧૬૪૯ના માર્ગશીર્ષ શુદ ૧૩ને દિને તૈયાર થયો તે પહેલાં ૧૦ દિવસે રાધનપુરથી લાહોર જવા માટે વિજયસેનસૂરિએ પ્રયાણ કરી લીધું હતું.

ત્યારે સવાલ એ થાય છે કે જો તેમ હતું તો પછી પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ તે મંદિરની ઋષભદેવપ્રતિમાની કયારે કરી? મારા ધારવા પ્રમાણે તે મંદિરના સામેની નાની દેરીમાં આદિનાથ પાદુકાની તથા બીજા મંદિરના મૂલનાયક શ્રી. ધર્મનાથના પરિકરની પ્રતિષ્ઠા સં. ૧૬૫૬ના વૈશાખ શુદ ૭ ને બુધે કરી છે તે દિને, યાતો તે મૂલનાયક શ્રી. ધર્મનાથની પ્રતિષ્ઠા સં. ૧૬૫૫ માગશર શુદ ૫ ગુરૂ દિને કરેલી છે તે દિને ઋષભદેવપ્રાસાદ ને પ્રતિમાની પણ પ્રતિષ્ઠા થઇ હોય એ વિશેષ સંભવિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંબંધે આપણે સં. ૧૬૫૬ના વૈશાખમાં શ્રી વિજયસેનસૂરિ ક્યાં બિરાજતા હતા તે જોઈએ. વિજયપ્રશસ્તિમાં જણાવેલું છે કે:-'ખંભાતમાં સં. ૧૬૫૬ વૈશાખ શુક્લ ૪ સોમવારે શ્રીવિદ્યાવિજયને 'સૂરિ' પદ અર્પણ કરવામાં આવ્યું ને તે નવા સૂરિનું નામ શ્રી વિજયદેવસૂરિ રાખ્યું. તેનો ઉત્સવ ત્યાંના **શ્રીમલ્લ** નામના શ્રાવકે ઘણું દ્રવ્ય ખર્ચી કર્યો. તે ઉત્સવ સમાપ્ત થતાં મુનિ મેઘવિજયને ઉપાધ્યાય પદ આપ્યું. તે બાદ સપ્તમીને દિને જ કીકા ઠક્કુરે પોતાને ત્યાં પ્રભુપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.' ( સર્ગ ૧૭ શ્લો. ૬૦ ) આ પ્રતિષ્ઠા કરવાનો દિન સં. ૧૬૫૬ ના વૈશાખ શુદ ૭ ( કે જે દિને આદિનાથ પાદુકા ને ધર્મનાથ પરિકરની પ્રતિષ્ઠા થયાના લેખ ઉપર આપ્યા છે ) હોવો જોઈએ એ નીચેના ઠક્કર કાકુના ધાતુપ્રતિમા લેખ પરની મિતિ પરથી જણાય છેઃ-

**सं. १६५६ अलाई ४५ वर्षे वैशाख सित ७ बुधे स्तंभतीर्थवास्तव्य वृद्धशाखा मोढज्ञातीय ब० ( ? ठ० ) कीकाख्येन भा० वनाई पुत्र ब० (? ठ०) काला ठ० लालजी ठ० हीरजी प्रमुखपरिवारयुतेन श्री नमिनाथबिंबं स्वयं प्रणामकारापणपूर्वं का० प्र० च भट्टारक श्रीहीरविजयसूरि पट्टालंकार कोटीर हीर श्री तपागच्छाधिराज भट्टारक विजयसेनसूरिभिः ॥**

આ લેખમાં બતાવેલ ઠ૦ કીકા તે જ વિજયપ્રશસ્તિના ઠક્કર કીકા. અને તે પોતે વીસા મોઢ વણિક જ્ઞાતિના ઠક્કર ઓડકવાળો હતો ને તેમાં તેની પત્ની અને ત્રણ પુત્રનાં નામ પણ છે. ( બુ. ૨ નં. ૫૭૭ )

આ જ દિવસે મોઢ જ્ઞાતિની કાન્હબાઈએ પાર્શ્વનાથ બિંબ અને વ૦ (ઠ૦) કાલાની ( ઉપરના કીકાના પુત્ર કાલા હશે ) ભાર્યા લાલબાઈએ શાંતિનાથબિંબની ધાતુપ્રતિમા વિજયસેનસૂરિ પાસે પ્રતિષ્ઠિત કરાવી છે તે બાબતના લેખ જુઓ ( બુ. ૨ નં. ૩૫ ને ૧૧૦૪ )

એટલે આ દિવસે પોતે સ્તંભતીર્થ-ખંભાતમાં જ હોઈ ત્યાં જ ઉપરની ત્રણ ધાતુ પ્રતિમા તેમજ કાવીનાં આદિનાથ પાદુકા અને ધર્મનાથ પરિકરની પ્રતિષ્ઠા ઉક્ત આચાર્યશ્રીએ કરેલી જણાય છે.

ચોથું '**ઐતિહાસિક પ્રવાદ**' મુનિશ્રી સુશીલવિજયે પૃ. ૫૪૫ અને ૫૪૬ પર આપેલ છે. તે ઉક્ત દીપવિજયકૃત સ્તવનનો સાર છે. સાસુ અને વહુની જે શાબ્દિક ઝગડાની વાત મૂકેલી છે તે વસ્તુતઃ યથાસ્થિત જણાતી નથી, પણ લોકની દંતકથા કવિ દીપવિજયજીએ જણાવેલી લાગે છે. પ્રથમ પ્રાસાદ સં. ૧૬૪૯ માગશર સુદ ૧૩ સોમે ને બીજો સં. ૧૬૫૪ શ્રાવણ વદી ૯ શનિએ તૈયાર થયો એટલે એ બે વચ્ચે પાંચ વર્ષને સાત આઠ માસનું અંતર છે, એટલે પ્રથમના પછી બીજાનું ખાત મુહૂર્ત નંખાઈ બીજાને બંધાયે પાંચ વર્ષથી અધિક લાગ્યા હોય અને એક બાવનજિનાલય મંદિર હોવા છતાં તેની પાસે બીજું ભવ્ય મંદિર પિતાના એક પુત્રે શા માટે કરાવ્યું હશે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે ને તેનો ઉત્તર મેળવવાનું કંઈ લિખિત કે ઉત્કીર્ણ સાધન નથી, તો આ દંતકથા તેનો ઉત્તર ઠીક આપી શકે છે ! બીજી બાજુ કુંવરજીની પત્નીનું નામ તેજલદે હતું અને તેને કાહાનજી નામે પુત્ર થયો હતો, એ મૂલનાયક શ્રી ધર્મનાથના બિંબના પ્રતિષ્ઠાલેખ પરથી ચોક્કસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચમું—દીપવિજયજી પોતાના સ્તવનમાં જણાવે છે કે બીજા રત્નતિલક પ્રાસાદની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ કાવી આવી સં. ૧૬૫૫ના શ્રાવણ વદ ૯ ને દિને કરી. એમાં પણ સ્ખલના થઇ છે. તે પ્રાસાદનો લેખ બતાવે છે કે તે સં. ૧૬૫૪ના શ્રાવણ વદ ૯ શનિએ તૈયાર થયો; જ્યારે તેના મૂલનાયકની પ્રતિષ્ઠા સં. ૧૬૫૫ માગશર શુદ ૫ ને ગુરૂવારે વિજયસેનસૂરિએ કરી.

લેખક મુનિ, દીપવિજય કવિની સુરત ગઝલની એક કડી ઇલ, એક બીજી બાબત પૃ. ૫૮૫માં વિજયસેનસૂરિ સંબંધી ટાંકે છે કે સુરતમાં સૂર્યમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા તે સૂરિએ કરી હતી. પરંતુ આ વાત પણ ઇતિહાસના પ્રમાણથી વિરોધી છે, એ મેં 'સૂર્યપુરનો સુવર્ણ યુગ યાને સુરતનો જૈન ઇતિહાસ' 'એ પુસ્તકની વિસ્તૃત પ્રસ્તાવના લખી છે તેમાં પૃ. ૫ માં બતાવ્યું છે. તેની પ્રતિષ્ઠા કરનાર ( શાંતિચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય ) રત્નચંદ્ર ગણી હતા અને તેનો સંવત ૧૬૭૮ કા. વ. ૫ ગુરૂ છે કે જે તેના પ્રતિષ્ઠા-લેખને ઉકેલતાં જણાય છે. શ્રી દીપવિજયે મૂલ લેખ જોઇને એ કહેલું એમ પોતે સુધર્મ-ગચ્છપટ્ટાવલી રાસમાં જણાવેલું, પણ તે વાત લેખ જોતાં વાસ્તવિક ઠરતી નથી.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાની હસ્તલિખિત સવિસ્તર નામાવલિમાં પૃ. ૩૮૩માં કાવિ તીર્થના ઋષભપ્રાસાદ સંબંધી જે વિગત આપી છે અને તે લેખક મુનિએ પૃ. ૫૪૫ની ટિપણમાં ઉતારી છે, તેમાં મૂળ લેખના અક્ષરાન્તરને નહિ સમજવાના પરિણામે ભૂલો રહી ગઈ છે, તેનું સંશોધન પણ અત્રે કરી લઇએ:—

(૧)ઋષભપ્રાસાદના બંધાવનાર બાહુઆ ગંગાધર નહિ પણ બાહુઆ—બાહુઆ અને તેના ત્રણ પુત્રો હતા.

(૨) બાહુઆ ગંગાધર એ એક નથી પણ જુદા છે ને એ બંને ભાઇઓ હતા.

(૩) તે વડનગરા નાગર બ્રાહ્મણ નહોતા પણ વડનગર વાસી દશા નાગર વાણીઆ ભદ્રસીયાણા ગોત્ર [અટક]ના ગાંધી દેપાલના પુત્ર ગાંધી અલુઆના પુત્ર ગાંધી લાડિકાના પુત્રો હતા.

(૪) જૈનધર્મ સ્વીકારનાર બાહુઆ ગંગાધર નહિ પણ બાહુઓ હતો.

(૫) ખંભાતમાં નાગર બ્રાહ્મણો નહિ પણ દશા નાગર વાણીઆ વસતા હતા તે પૈકી મૂલ પુરૂષ ગાંધી દેપાલ તેનો પુત્ર અલુઆ ને તેનો પુત્ર લાડિકા [કે જે નામ ત્યાં લેખમાં ઉતારવું લહીયો ભૂલ્યો છે એમ જણાવેલું છે] ના બે પુત્ર નામે બાહુઓ અને ગંગાધરમાં બાહુઓ ખંભાતમાં પહેલાં પ્રથમ આવ્યો, બાહુઆના ઉક્ત પિતા પ્રપિતા નહિ. તે બાહુઓ વ્યવહારિગણમાં મુખ્ય હતો એમ લેખમાંથી અક્ષરશઃ ઉતાર્યું છે તેનો પૂરો અર્થ સમજાયો નથી. વ્યવહારી એટલે વાણીઓ—અને તે સમજાયું હત તો આખા કુટુંબને નાગર બ્રાહ્મણ જ્ઞાતીનું બતાવત નહિ.

(૬) બાહુઆના પુત્ર કુંવરજીએ બાદશાહ અકબરના રાજ્યમાં પ્રસિદ્ધ થયેલા જૈન સૂરી શ્રી વિજયસેનની શિષ્યપરંપરાના તપગચ્છના શિષ્ય ધર્મદાસના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો હતો—એમ નહિ પણ—કુંવરજીના પિતા બાહુઆએ અકબર બાદશાહ પ્રતિબોધક જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિ [ વિજયસેનસૂરિના ગુરૂ ] ના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો હતો.

( જુઓ પાનું ૪૨૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિહ્નવવાદ

લેખક-મુનિરાજ ધુરંધરવિજયજી

( ગતાંકથી ચાલુ )

## બીજા નિહ્નવ-તિષ્યગુપ્તાચાર્ય-આત્મવાદ

## પ્રદેશી રાજાના શેષ કથનનો ઉત્તર

નાસ્તિક મત પ્રમાણે રાજાએ 'આત્મા નથી' એ જે સ્થાપન કર્યું હતું, તેનો પ્રત્યુત્તર આપતાં શ્રીકેશી ગણધર મહારાજે રાજાને તેનાં માતા પિતા સ્વર્ગનરકમાંથી કેમ ન આવ્યાં તેનું કારણ સમજાવવા પૂર્વક સ્વર્ગ-નરક-પુણ્ય-પાપ વગેરે છે તે બતાવ્યું. હવે રાજાએ કહેલ ચોરોની પરીક્ષા વગેરેમાં ભ્રમ બતાવવા પૂર્વક બીજાં દૃષ્ટાંતો આપી 'આત્મા છે' એ વાત શ્રીકેશી ગણધર મહારાજ જે રીતિએ સમજાવે છે તે વિચારીએ-

**(૨) દેહના ટુકડામાં આત્મા ન દેખાયો માટે તે નથી તેનું ખંડન**-રાજન્! 'આત્મા નથી,' એ સમ્બન્ધમાં તેં કહ્યું કે 'એક ચોરના જીવતા શરીરના નાના નાના ટુકડા કરાવીને તે દરેક ટુકડામાં આત્માની ઘણી તપાસ કરાવી પણ કોઇ પણ અવયવમાં આત્મા મળ્યો નહિ, ત્યારે મને લાગ્યું કે 'આત્મા નથી.' પરંતુ હે રાજન! તારી એ પરીક્ષા બરોબર ન હતી. તારે જે વસ્તુની તપાસ જેમાં કરવાની જરૂર હતી તે પ્રમાણે ન કરતાં તે દેહના ટુકડા કરાવ્યા. દેહના ટુકડા કરવાથી કંઇ આત્માની પ્રાપ્તિ ન થાય. જો કે આત્મા દેહમાં રહે છે, પરંતુ તેથી દેહને કાપી નાખવાથી તે મળે નહિ. જેમ એક દવાની શીશીમાં બૂચ સલવાઇ ગયું હોય. બૂચ ન નીકળતું હોય અને દવા પણ ન નીકળતી હોય. હવે દવા મેળવવા માટે શીશીને જો ફોડી નાખવામાં આવે તો દવા ઢોળાઇ જાય ને શીશી ફુટી જાય તેમ દેહમાંથી આત્મા મેળવવા માટે દેહને કાપી નાખીએ તો આત્મા ચાલ્યો જાય ને દેહનો નાશ થાય. પરંતુ શીશી ફોડયા સિવાય જેમ યુક્તિથી દવા મેળવી શકાય છે તેમ જો યુક્તિપૂર્વક આત્માને મેળવવામાં આવે તો દેહને કાપ્યા સિવાય સંપૂર્ણ દેહમાંથી તે મળી શકે છે. અસ્તુ. દેહની કાપકુપ કરી અને તેમાંથી આત્મા ન મળ્યો માટે આત્મા જ નથી, એમ જે નિર્ણય કરવો તે ઉચિત નથી.

**भुत्वाग्निमरणेः काष्ठे तन्मया खण्डशः कृतम् ।**
**न च दृष्टो महाराज ! तन्मध्ये क्वापि पावकः ॥ १ ॥**
**मूर्तिमन्तोऽपि सन्तोऽपि दृश्यन्तेऽर्था न यन्नृप ! ।**
**तदमूर्तस्य जीवस्या-दर्शने किं विरुध्यते ॥ २ ॥**
**विशिष्टज्ञानयोगेन परं दृश्येत सोऽपि हि ।**
**मथनादरणेः काष्ठेऽ-प्यनलो नृपते ! यथा ॥ ३ ॥**

મેં પણ પૂર્વે આત્માની પરીક્ષા કરતાં દેહમાં આત્મા રહેવા છતાં તે કેમ દેખાતો નથી, એ બાબતમાં અરણિના કાષ્ઠનું ઉદાહરણ વિચાર્યું હતું તે આ પ્રમાણે-આપ્ત પુરૂષો પાસેથી મેં જાણ્યું હતું કે અરણિના કાષ્ઠમાં અગ્નિ હોય છે. ( જો કે દરેક કાષ્ઠમાં અગ્નિ હોય છે. તો પણ અરણિના લાકડામાં એવો અગ્નિ હોય છે કે તેમાં અગ્નિ ઉત્પન્ન કરવા માટે બીજા અગ્નિની જરૂર રહેતી નથી ) તેથી અરણિના લાકડાના મેં ઝીણા ઝીણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટુકડા કર્યા ને દરેક ટુકડામાં અગ્નિની તપાસ કરી, પરંતુ એક પણ ટુકડામાં મને અગ્નિ દેખાયો નહિ. ત્યારે મને સત્યનું ભાન થયું ને મેં જાણ્યું કે જ્યારે અગ્નિ રૂપી છે, આંખથી દેખી શકાય તેવો છે, અરણિના કાષ્ઠમાં રહે છે, છતાં જ્યારે દેખાતો નથી તો અરૂપી આત્મા કેમ દેખાય ? પરંતુ જેમ અરણિ કાષ્ઠને પરસ્પર ઘસવામાં આવે ને તેમાં અગ્નિ પ્રકટ થઇને દેખાય છે તેમ આત્માને વ્યક્ત રીતિએ જાણવા માટે જ્યારે જ્ઞાન ધ્યાનના ઝપાટા લાગે, ક્રિયાકાંડનું ઘર્ષણ ચાલે એટલે દિવ્ય પ્રકાશમાં દિવ્ય ચક્ષુથી આત્માનો સાક્ષાત્કાર થાય છે.

**(૩) વજનમાં ફેર ન પડલાથી 'આત્મા નથી' એ અસત્ય**–હે નૃપ! તેં કહ્યું કે "બીજી વખત મેં એવા એક ચોરનું જીવતાં વજન કરાવ્યું ને પછી તેને મારીને વજન કરાવ્યું તો તે બન્ને વખતના વજનમાં જરા પણ તફાવત આવ્યો નહિ......માટે આત્મા નથી." પરંતુ તારૂં એ કથન યથાર્થ નથી. રબરની કોથળીમાં પવન ભરીને તેનું વજન કરીએ ને પછી પવન કાઢી નાખીને વજન કરીએ તો તે બન્ને વખતના વજનમાં ખાસ ફેર પડતો નથી, તેથી જો એમ કહેવામાં આવે કે રબરની કોથળીમાં કંઇ વસ્તુ જ નથી તો તે માન્ય ન થાય તેમ વજનમાં તફાવત ન પડવાથી 'દેહમાં આત્મા નથી' એ પણ યુક્ત નથી.

વજન એ શું વસ્તુ છે ને તે કોનામાં રહે છે, તે સમજાયાથી તને ખબર પડશે કે તેં કરેલ નિશ્ચય અયુકત હતો. વજન [ગુરુત્વ] એ એક પુદ્ગલનો ગુણ છે. તેનો સમાવેશ સ્પર્શમાં થાય છે. સ્પર્શના આઠ પ્રકાર છે. શીત–ઉષ્ણ, સ્નિગ્ધ–રૂક્ષ, મૃદુ–ખર, લઘુ–ગુરૂ એ પ્રમાણે આ આઠે સ્પર્શ પુદ્ગલમાં રહે છે. પુદ્ગલો પણ આઠ પ્રકારના છે. તે આ પ્રમાણે[1] ઔદારિક પુદ્ગલો, વૈક્રિય પુદ્ગલો આહારક પુદ્ગલો, તૈજસ પુદ્ગલો શબ્દના પુદ્ગનલો શ્વાસોશ્વાસના પુદ્ગલો, મનના પુદ્ગલો ને કર્મના પુદ્ગલો. આ આઠે પ્રકારના પુદ્ગલોમાં એક પછી એક વધારે સૂક્ષ્મ હોય છે. તેમાં પ્રથમના ચાર પ્રકારના (ઔદારિક વૈક્રિય આહારક ને તૈજસ) પુદ્ગલોમાં આઠે સ્પર્શો રહે છે. ને છેલ્લા ચાર પ્રકારના પુદ્ગલોમાં (શબ્દ–શ્વાસોશ્વાસ–મન–અને કર્મ) પ્રથમના ચાર (શીત ઉષ્ણ સ્નિગ્ધ ને રૂક્ષ) સ્પર્શ જ રહે છે છેલ્લા ચાર રહેતા નથી, તેથી તે પુદ્ગલો અગુરૂલઘુ કહેવાય છે.

વજન–(ગુરૂત્વ) એ એક સ્પર્શ છે તે સ્હેજે સમજી શકાય તેમ છે. વજનને જાણવા માટે સ્પર્શેન્દ્રિય સિવાય અન્ય કોઇ ઇન્દ્રિય ઉપયોગી નથી. તે સામર્થ્ય ફક્ત સ્પર્શેન્દ્રિયમાં જ છે. હાથમાં લેતાં તરત જ ખબર પડે છે કે આ ભારે છે, આ હલકું છે. માટે સ્પર્શ છે. સ્પર્શેન્દ્રિયથી જ જે ગુણનું જ્ઞાન થાય તે સ્પર્શ, પુદ્ગલ સિવાય બીજામાં સ્પર્શ રહેતો નથી માટે વજન એ પણ પુદ્ગલનો જ ગુણ છે. વજન (ગુરુત્વ) જે પુદ્ગલો

---

૧ મનુષ્ય અને તિર્યંચના શરીરમાં વપરાતા જે પુદ્ગલો તે ઔદારિક, પુદ્ગલો. દેવ નારકી વગેરે ના શરીરમાં ઉપયોગી પુદ્ગલો તે વૈક્રિય પુદ્ગલો ચૌદપૂર્વધર મુનિ આહારક લબ્ધિથી શ્રી કેવળી ભગવંતને પ્રશ્ન પૂછવા માટે જે શરીર બનાવે તેમાં ઉપયોગી જે પુદ્ગલો વ આહારક પુદ્ગલો. આહારને પચાવવામાં હેતુભૂત અને શીત લેશ્યા ને તેજો લેશ્યામાં ઉપયોગી જે પુદ્ગલો તે તૈજસ પુદ્ગલો. શબ્દ જે ઉત્પન્ન થાય છે તેમા જે પુદ્ગલો વપરાય છે તે શબ્દના પુદ્ગલો. શ્વાસોશ્વાસમાં વપરાતા જે પુદ્ગલો તે શ્વાસોશ્વાસના પુદ્ગલો. વિચાર કરવામાં શક્તિવાળા જે પુદ્ગલો તે મનના પુદ્ગલો જેનાથી આત્માને સારાંનરસાંફળ મળે છે ને જે પુદ્ગલો સમયે સમયે આત્મા સાથે જોડાય છે તે કર્મના પુદ્ગલો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંખથી દેખી શકાય તેવા છે ને સ્પર્શેન્દ્રિયથી જાણી શકાય તેવા હોય છે તેવા પુદ્ગલોમાં પ્રકટ જાણી શકાય તેવી રીતે રહે છે. પ્રકાશ ને વાયુમાં વજન હોવા છતાં પ્રકટ સ્પર્શ અને પ્રકટ રૂપ નહિ હોવાને કારણે તેમાં વજન વ્યક્ત જણાતું નથી.

આત્મા અને પુદ્ગલ બન્ને પરસ્પર અત્યન્ત વિરુદ્ધ પદાર્થ છે. પુદ્ગલ જડ છે જ્યારે આત્મા ચેતન છે. આત્માનો એક પણ ગુણ પુદ્ગલમાં રહેતો નથી. તેમ પુદ્ગલનો એક પણ ગુણ આત્મામાં રહેતો નથી. તેથી આત્મામાં વજન પણ નથી. જો કે સાંસારિક આત્માઓ સદૈવ કર્મ અને તેજના પુદ્ગલોથી યુક્ત જ હોય છે તો પણ કર્મના પુદ્ગલો વજન વગરના છે ને તેજના પુદ્ગલોમાં અવ્યક્ત વજન છે તેથી સજીવ શરીરનું અને મૃત શરીરનું વજન એક સરખું જ થાય ને તેમાં ફેર પડે નહિ. પણ આત્મા તો છે જ.

**(૪) છિદ્ર સિવાય પેટીમાંથી આત્મા ચાલ્યો ગયો માટે નથી તે મિથ્યા–** રાજન્! 'આત્મા નથી' તેની સાબિતિમાં તમે કહ્યું કે 'ફરી એક ચોરને મેં વજ્રમય પેટીમાં પૂરાવ્યો હતો ને તે પેટી સજ્જડ બંધ કરી હતી...... જો તે પેટીમાંથી આત્મા બહાર નિકળી ગયો હોય તો તે પેટી તૂટી જવી જોઇએ અથવા જ્યાંથી તે ગયો હોય ત્યાં તેનું છિદ્ર જોઇએ. પરંતુ પેટીમાં તેવું કંઇ થયું ન હતું માટે મેં નિશ્ચય કર્યો કે આત્મા નામની કોઇ પણ વસ્તુ નથી" પરન્તુ હે રાજન્! જગતમાં દરેક પદાર્થો એક જ સ્વભાવના નથી હોતા. પદાર્થોના સ્વભાવ જુદા જુદા હોય છે. કેટલાક પદાર્થો એવા સ્વભાવના હોય છે કે તેઓ છિદ્ર માર્ગ કે દ્વાર સિવાય કોઇ પણ સ્થળે આવ–જા કરી શકે છે. નિર્મળ કાચમાંથી પ્રકાશનાં કિરણો આવજા કરે છે, પણ કાચમાં છિદ્ર કે દ્વાર હોતું નથી. ચાર તરફથી બંધ, જેમાં વાયુ પણ ન જઇ શકે તેવી મોટી પેટીમાં શંખ વગેરે વગાડવામાં આવે છે ત્યારે તેનો શબ્દ બહાર સંભળાય છે તેથી પેટીમાં છિદ્ર થાય છે કે તૂટી જાય છે એવું કંઇ નથી.

પ્રકટ સ્પર્શવાળા પદાર્થો પ્રકટ સ્પર્શવાળા પદાર્થોને આવજા કરવામાં ઘણું ખરૂં રોકાણ કરે છે. તે સિવાયના પદાર્થો દરેક સ્થળે જઇ શકે છે. જ્યારે આત્મા તદ્દન સ્પર્શ વગરનો છે, તો તે છિદ્ર કે દ્વાર વગર આવે જાય તેમાં શું આશ્ચર્ય? એક પેટીમાંથી છિદ્ર કે દ્વાર વગર આત્મા ચાલ્યો જાય તેમાં તો શું પણ આત્મા પાણી કે પત્થર લોહ કે વજ્ર વન કે પર્વત નગર કે સાગર આકાશ કે પાતાળ કોઇ પણ સ્થળે અવ્યાહત ગતિએ રોકાયા સિવાય આવ જા કરી શકે છે, માટે હે રાજન્! આત્મા છે.

**(૫) બોલવા ચાલવા વગેરે શક્તિના નિર્વાહે આત્માની જરૂર નથી. એ અસિદ્ધ**—હે નૃપ! જેમ માદક પદાર્થો ના મળવાથી તેમાં માદક શક્તિ ઉત્પન્ન થાય છે. તેમ પંચ ભૂતના મળવાથી બોલવા ચાલવા વગેરેની શકિત ઉત્પન્ન થાય છે. ને જગતના તમામ વ્યવહારનો નિર્વાહ થાય છે. માટે આત્મા માનવાની આવશ્યકતા નથી. એમ તું જે કહે છે તે ઠીક નથી.

અમુક અમુક જાતના પુદ્ગલોના મળવાથી બોલવા ચાલવા વગેરેની શક્તિ થાય છે તે ઠીક છે. એકેન્દ્રિય જીવો જેવા કે ઝાડ, પાન, ફળ, ફુલ, પાણી, પત્થર વગેરે અમુક પુદ્ગલો નહિ મળવાને કારણે બોલી ચાલી શકતા નથી. બે ઇન્દ્રિય જીવો શંખ, કોડા, જળો અળસીયા વગેરે સૂંઘવાની શક્તિવાળા પુદ્ગલો નહિ મળવાથી સૂંઘી શકતા નથી. તેઇન્દ્રિય જીવો કીડી, મંકોડી, ઇયળ, કુંથુ વગેરેને દેખવાની શકિતના પુદ્ગલો ન મળવાથી તેઓ દેખી શકતા નથી. ચઉરિન્દ્રિય જીવો માખી ભમરી ભમરા વીછી તીડ વગેરે દેખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે પરંતુ સાંભળી શકતા નથી કારણકે તેઓને સાંભળવાની શકિતવાળા પુદ્ગલ મળ્યા નથી. કેટલાક અમનસ્ક પંચેન્દ્રિય જીવો એવા હોય છે કે જેઓ બોલી ચાલી સૂંઘી દેખી ને સાંભળી શકે છે, છતાં સમજી શકતા નથી. સમનસ્ક પંચેન્દ્રિય જીવોને સર્વ શકિતવાળા પુદ્ગલો મળવાથી–બોલવાથી લઇને સમજી શકે છે. એ પ્રમાણે જુદા જુદા પુદ્ગલોમાં જુદી જુદી શકિતઓ રહેલી હોય છે પરંતુ તેથી આત્માની જરૂર નથી એમ નથી. જડ પદાર્થોમાં જે જે શકિતઓ રહેલ હોય છે તે એક સરખી હોય છે. જડ પદાર્થમાં સ્વયં તે શકિતઓનો ઉપયોગ કે ફેરફાર કરવાની તાકાત હોતી નથી. સચેતન પદાર્થ ન માનીએ અને કેવળ પંચભૂતના સંયોગોથી જ બોલવા ચાલવાર વગેરેનો વ્યવહાર ચલાવીએ તો જેમ ચૂડીવાજું (Gramophone) બોલે જ જાય છે તેમ આ પુદ્ગલ પણ એક સરખું બોલ બોલ જ કરે. યંત્રના પૈડાની માફક ચાલ ચાલ જ કરે. કયે સમયે શું બોલવું, કયે સમયે બોલતા બંધ થવું, કયારે ચાલવું, કયારે વિશ્રાંતિ લેવી, વગેરે વ્યવસ્થિત વ્યવહારને માટે તે પંચભૂતોની શકિત ઉપર સચેતન નિયન્તાની જરૂર છે.

નિયન્તા (driver) વગરની ગાડી જેમ સમુદ્રમાં કે જંગલમાં જ્યાં ત્યાં ભટકાય ને અલ્પ કાળમાં નાશને પામે તેમ ચેતનની સત્તા વગરના પુદ્ગલોમાં પણ અહીં તહીં અથડાઇને અન્તે અસ્તોવ્યસ્ત થઈ જાય, પરંતુ તે સર્વ શકિતઓ ઉપર જ્ઞાનવાળા ને વિચારશકિતવાળા આત્માનો પૂર્ણ કાબૂ છે માટે તેઓ સર્વ વ્યવસ્થિત રીતિએ કામ કરે છે. માટે હે રાજન્! ફકત બોલવા ચાલવા વગેરે શકિતઓ આત્મા વગર સિદ્ધ થાય છે, એટલે વ્યવહાર ચાલશે કે આત્માની જરૂર ઉડી જશે, એમ નહિ પણ વ્યવહારને માટે આત્માની ખાસ આવશકયતા છે. એટલે આત્મા માનવો જોઈએ.

**પ્રદેશીના અન્તિમ ઉદ્ગાર**–એ પ્રમાણે શ્રી કેશી ગણધર મહારાજના ઉપદેશનું શ્રવણ કરી રાજા આસ્તિક બન્યો, મિથ્યા માર્ગનો ત્યાગ કરી સત્ય માર્ગે આવ્યો ને શ્રી કેશીગણધર મહારાજને કહેવા લાગ્યો કે–

**स्वामिन् मोहपिशाचोऽयं नष्टोऽद्य प्रबलोऽपि नः ।**
**मांत्रिकस्येव मंत्रेण ताड्यमानो भवद्गिरा ॥ १ ॥**
**अज्ञानतिमिराऽऽक्रान्ते ममाद्यान्तरलोचने ।**
**उद्घाटिते प्रभुव्याख्या–सुधाञ्जनशलाकया ॥ २ ॥**
**ज्ञातं स्वामिन्! मया धर्मो जैनधर्मात् परो न हि ।**
**यथादित्यात्परो नान्यः प्रत्यक्षस्तेजसां निधिः ॥ ३ ॥**

પ્રભો! માંત્રિક મંત્રવડે જેમ પિશાચને ભગાવે તેમ આપની વાણીથી તાડન કરાયેલો મારો આ બળવાન્ મોહપિશાચ આજે નાશ પામ્યા છે. મારાં આન્તર નયનો કે જે અજ્ઞાન અંધકારથી બંધ થયાં હતાં તે આજે આપના વ્યાખ્યારૂપી અમૃત–અંજનની સળીથી ખુલ્લાં થયા છે. હે સ્વામિન્! મેં આજે જાણ્યું કે જેમ સૂર્ય સિવાય બીજો કોઇ પ્રકાશનો નિધિ દેખાતો નથી તેમ જૈનધર્મથી ચડિયાતો બીજો કોઇ ધર્મ નથી. પ્રદેશી રાજાએ પછીથી સમ્યકત્વ મૂલક ધર્મઅંગીકાર કર્યો ને ધર્મની વિધિ પૂર્વક આરાધના કરીને અનેક આત્માઓને ધર્મ માર્ગે જોડીને દેવલોકમાં 'સૂર્યાભ' નામે દેવ થયા.

શ્રી કેશીગણધર મહારાજ અને પ્રદેશીના ચરિત્રથી આત્માનું પ્રાથમિક સ્વરૂપ આપણે જાણ્યું. આત્મા સંબન્ધી બીજું વિશેષ સ્વરૂપ શું છે તે હવે પછી જોઇશું. [ચાલુ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મી વીરોનાં પરાક્રમ

લેખક–શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

જો કે આજે ગુજરાતના પતનનું કે ભારતવર્ષની પરાધીનતાનું નિમિત્ત જૈનધર્મે ફેલાવેલ અહિંસાનો સંદેશ માનવાના દિવસોનો તો અંત આવી ગયો છે; અને દિ'ઉગ્યે થતી શોધખોળોએ પૂરવાર કરી આપ્યું છે કે એમ કહેવામાં કેવળ ઇતિહાસનું અજ્ઞાન જ કારણભૂત હોઇ, એ સાથે કેટલાક જૈનેતર લેખકોની અસૂયા મિશ્રિત થયેલી હતી! છતાં આજે પણ ગુર્જરભૂમિના સાક્ષરોમાં જૈનધર્મ પ્રત્યે કોઈ ને કોઇ કારણથી અમૂક પ્રકારનો પૂર્વગ્રહ ધરાવનાર મળી આવે છે! એ મનોવૃત્તિવાળા ગ્રહસ્થો પ્રથમથી જ માની બેઠા હોય છે કે જૈનધર્મના મુનિઓના હાથે જે સાહિત્ય તૈયાર થયેલું છે એમાં કેવળ જૈન-ધર્મની હદ ઉપરાંત સ્તુતિ અને સવિશેષ અતિશયોક્તિ પીરસાયેલી હોય છે! આ પ્રકારનો પૂર્વગ્રહ બાંધી દેનાર ગ્રહસ્થો જરા બારીકાઇથી જોવાની અને તટસ્થ બુદ્ધિથી વિચારવાની તસ્દી લ્યે તો સહજ જણાય તેમ છે કે એમની કલ્પના સાવ અસ્થિર પાયા પર ખડી કરાયેલી છે! રચનાર વ્યક્તિ જૈનધર્મના રંગે રંગાયેલી હોય એટલે સર્જનમાં ડગલે પગલે એ ધર્મના વખાણુ આવે જ છતાં ચાલુ પદ્ધત્તિએ–કોઈપણ જાતના મમત્વ ધર્યા વિના જો ઉક્ત મુનિઓની કૃતિઓને અવલોકવામાં આવે અને એમાંની અતિશયતા બાજુ પર રાખવામાં આવે, તો પણ ઇતિહાસની નજરે અતિ ઉપયોગનું અને સત્યના મુદ્દાથી જેની સામે આંગળી ન ચીંધી શકાય એવું ઘણું ઘણું એમાંથી પ્રાપ્ત થઇ શકે તેમ છે. જરૂર છે ફક્ત સાચી ગવેષણ દૃષ્ટિની! આજે એવા જૈનેતર સાક્ષરો પણ છે કે જેમણે ગવેષણ દૃષ્ટિ પર નજર રાખી જૈનધર્મના ગ્રંથોમાંથી ઉમદા સત્ય અને મહત્ત્વનો ઇતિહાસ બહાર આણ્યો છે.

એક કાળે જૈનધર્મી મહારાજા કુમારપાળની અહિંસાને ગુજરાતના પતનમાં દોષ-ભાગી લેખનાર જૈનેતર ગ્રહસ્થો–આજે અહિંસાની સર્વોત્કૃષ્ટ પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી છે અને એ મહાન્ ગુણમાં અમાપ શક્તિ સમાયેલી છે, એનું ભાન કેવળ ભારતવર્ષને જ નહિ પણ સારી દુનિયાને કરાવવાને એક પ્રસિદ્ધ દેશનેતાએ કમર કસી છે એ જોયા પછી–રાજવી કુમારપાળને પરમ માહેશ્વર માનવા લાગ્યા છે અને એ સારૂ છુટા છવાયા ઉલ્લેખોને આગળ ધરી પોતાનો કક્કો ખરો કરવાના પ્રયાસ સેવી રહ્યા છે!

જૈનધર્મી વિદ્વાનોએ અને અભ્યાસકોએ આ જાતની વલણ ધરાવનાર વર્ગને જડબાતોડ જવાબ આપવા કમર કસવાની જરૂર છે. આજે દેશ-કાળ મૂંગા રહેવાનો કે. પોતાના મંતવ્યને શ્રદ્ધાથી વળગી રહી ઘરમાં બેસી રહેવાનો નથી, પણ યુક્તિપુરસ્સર અને ઐતિહાસિક પુરાવાથી અલંકૃત કરી સ્વમંતવ્યને જગતના ચોકમાં ધરવાનો છે. આગમપ્રમાણ કે જૈન સાહિત્યમાં જુદા જુદા ગ્રંથોમાં મળી આવતાં સંબંધો શોધી કહાડી, ક્રમસર ગોઠવી, ચાલુ સમયની પદ્ધત્તિમાં જનતા સનક્ષ મૂકવાની આવશ્યકતા છે. અતિશયોક્તિ જેવું જણાય તે બાજુપર રાખી, જેની પાછળ ઇતિહાસની નક્કરતા સંભવતી હોય તે પ્રતિ પ્રથમ લક્ષ દેવાનું છે. જૈનધર્મ અહિંસાને પરમ ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખી, વ્રત–નિયમમાં એને અગ્રસ્થાન આપે છે; છતાં એ અહિંસાના પાલનમાં ઓછી વીરતા નથી જોઇતી! ભલભલા સત્ત્વશાળી લડવૈયા કરતાં પણ વધુ સત્ત્વ ધૈર્ય અને શ્રદ્ધા અંતરમાં હોય છે ત્યારે જીવનમાં અહિંસા આચરી શકાય છે. જૈનધર્મે માનવગણના સ્વભાવ પારખી 'સંત અને સંસારી' અર્થાત્ 'ત્યાગી અને ગૃહસ્થ' એમ બે વર્ગ પાડી ઉભયને કેવા પ્રકારની અહિંસા સાચવવી શકય છે એનું સુંદર વિવરણ કરી બતાવ્યું છે. ગૃહસ્થમાં રાજવીઓ અને ક્ષત્રિય જાતિનો સમાવેશ થાય છે. જરૂર પડે એ વર્ગ પોતાની ફરજ અદા કરી શકે અને દેશ કે આમ જનતાના રક્ષણકાજે શસ્ત્રોનો ઉપયોગ વીરતાપૂર્વક કરી બતાવે એને લગતાં બ્યાન પણ ઘણી જગ્યાએ કરેલાં દૃષ્ટિગોચર થાય છે. જૈનધર્મ પાળનાર વ્યક્તિ કાયરતા કે બાયલાપણું ધારણ કરી કેવળ ગેહેશ્વર બની ન્હોતી રહેતી પણ યથાશક્તિ દેશ અને રાજય પ્રત્યેની ફરજ બજાવવામાં પૂરેપૂરો ભાગ ભજવતી. એ કારણોથી રાજવી તરીકે અથવા તો અમાત્ય સેનાનાયક કે દંડાધિપતિ તરીકે જૈનધર્મ પાળનાર મહાજનો ઇતિહાસના પાને દૃષ્ટિગોચર થાય છે; એટલું જ નહિ પણ એમની કાર્યવાહીનો અહેવાલ સુવર્ણાક્ષરે નોંધાયેલો જોવા મળે છે. મહાજનના મુખીઆ તરીકે અથવા તો શહેરીપ્રજાના અગેવાન યાને નગરશેઠ તરીકેનું પદ ધારણ કરનાર જૈનધર્મી ગ્રહસ્થો આજે ઘણા ખરા સ્થાનોમાં જોવાય છે. આ બધા પાછળ ઊંડી તપાસ કરતાં સહજ માલમ પડે છે કે જૈનધર્મે તેમને ડરપોક કે કાયર નહોતા બનાવ્યા! તેમ તેમનામાં અહિંસાના આચરણમાં કે દયાના પાલનમાં વર્તમાનમાં કેટલાક પ્રસંગોમાં જોવાય છે એવી ખોટી સમજ પેદા નહોતી કરી! એ પવિત્ર અને આત્મજ્યોતિ જગાવનાર ધર્મે તો સૌ કરતાં મહત્ત્વનો પાઠ એ પઢાવ્યો હતો કે–**આત્મા અમર છે,** સંસારના રંગ રાગો પૌદ્ગલિક છે યાને કર્મરાજે ગોઠવેલા પ્રપંચો છે. માટે કર્મે શૂરા થનારજ ધર્મને વિષે વીરતા દાખવી શકે છે. દ્રવ્ય કે ભાવ શત્રુ પર કાબુ જમાવનાર વ્યક્તિજ જૈનત્વને શોભાવી શકે છે. કાયર કે ડરપોક કદી પણ જિનેશ્વરનો અનુયાયી થઇ શકવાનો નથી.

આ કંઇ સ્વધર્મના યશોગાન ગાવા સારૂં કે મનગમતી પ્રશસ્તિ લલકારવા સારૂ આલેખન નથી કરવામાં આવતું. જૈનેતર લેખકો તરફથી–અરે કેટલાક સાક્ષરો તરફથી જૈનધર્મના ઉમદા સિદ્ધાંત 'અહિંસા'ની ઠેકડી કરવામાં આવી છે અને જાણે 'જૈનો' કે 'અરિહંતનો ધર્મ પાળનાર શ્રાવકો' એટલે ડરપોક ને કાયર વણિકો એવાં ચિત્રણ દોરવામાં આવ્યાં છે, એના પ્રતિકારરૂપે જુદા જુદા સ્થાનના સાહિત્ય ગ્રંથોમાં સચવાયેલી પરાક્રમગાથાઓમાંથી કેટલીક રજુ કરવાનો ઇરાદો છે. એમાં શ્રીયુત ઉમરાવસિંગ ટાંકના–Some Distinguished Jains' નામક પુસ્તકનો ખાસ આધાર લઇ, એને પુષ્ટિ આપતાં અન્ય બ્યાનોથી અલંકૃત કરવા યથાશક્તિ યત્ન સેવવાની ધારણા છે. એ પાછળ એકજ આશય છે કે જૈનેતર લેખકો 'જૈનધર્મ' અને એ 'ધર્મ પાળનાર વર્ગે' સમાજ અને દેશ અંગેની ફરજમાં જે કિંમતી ફાળો નોંધાવ્યો છે–એની સાચી કિંમત આંકતા શીખે, જાણે અજાણે તેમના તરફથી જે અન્યાય થઇ રહ્યો છે તે દૂર થાય, અને જૈન સમાજના મોટા ભાગમાં ઇતિહાસ પ્રત્યે જોઇતા પ્રમાણમાં સન્માન નથી દેખાતું તે ઉદ્ભવે.

## મહારાજા કુમારપાળ

ગુજરાતના ઇતિહાસમાં અણહિલપુર પાટણનું સ્થાન અતિશય મહત્ત્વનું અને ગૌરવવંતુ છે એની કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી. આ મહત્ત્વના પાટનગરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનેન્દ્રપ્રતિમાની રચના

લેખકઃ—મુનિરાજ શ્રી દર્શનવિજયજી

( ગતાંકથી ચાલુ )

## ૩–મથુરાની પ્રતિમાઓ

ઉપર શ્રી રાયપસેણી સૂત્ર અને શ્રીજીવાભિગમસૂત્રમાંથી અવતારિત કરેલ વર્ણન, જિનેન્દ્રના પરિકરમાં વચ્ચે શ્રી તીર્થંકર પાછળ છત્રધારી બે બાજૂએ બે ચામરધારી અને ગાદીની નીચે બે બે નાગ યક્ષ ભૂત અને કુંડધારકની પ્રતિમા હોવાનું બતાવે છે. ખાસ કરીને પ્રાચીન કાળમાં આવી રીતે પ્રતિમાઓ બનતી હતી.

મથુરાનું સુપાર્શ્વનાથ ભગવાનનું સ્તૂપમન્દિર કે જેનો ઘણાં વર્ષો પહેલાં વિધ્વંસ થએલ છે અને જે હાલ કંકાલી ટીલાના નામે પ્રસિદ્ધ છે ત્યાંથી બે હજાર વર્ષ પહેલાની સેંકડો જિનપ્રતિમાઓ મળી આવી છે. એ બધી પ્રતિમાઓ અને તેના ત્રૂટિત અંશો લખનઉના કેશરબાગમાં યૂ. પી. ની ધારાસભાના કાઉન્સીલ હોલમાં તથા મથુરાના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. એ પૈકીની કેટલીક જિનપ્રતિમાના પરિકરો થોડા ફેરફાર સાથે ઉપર લખ્યા મુજબ બનેલા દૃષ્ટિગોચર થાય છે. જેમકે B નં. ૪ વાલી શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા, જેની નીચે નાગ યક્ષ ભૂત અને કુંડધારકનાં યુગલો છે. B નં. ૧૯, ૨૨, ૩૩, ૭૭ અને છુટક નં. ૨૬૮, ૧૫૦૩, વગેરે પ્રતિમાઓના પરિકરમાં ચામરધારી યુગલોની પ્રતિમાઓ છે. આ યુગલો વિશેષતઃ દેવ અને દેવીરૂપે હોય છેઃ નં. ૧૫૦૫ ભગવાન શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમામાં એક બાજૂ દેવ અને બીજી બાજૂ દેવી ઉભાં છે જે પૈકીના દેવના હાથમાં ચામર છે.

---

સ્થાપના સાથે જૈનધર્મી સાધુ અને ગ્રહસ્થોનો ઇતિહાસ સંકળાએલો છે. શ્રી શીલગુણસૂરિ નામના સાધુ મહારાજે ગર્ભિણી અવસ્થામાં લડાઇના મેદાનમાંથી પોતાના ભાઇ સાથે ચાલી આવેલ રાણી રૂપસુંદરીને જે આશ્રય અપાવ્યો હતો, બાળ વનરાજના ઉછેરમાં જે ભાગ ભજવ્યો હતો એ કંઈ ઓછી અગત્ય નથી ધરાવતો. પાટણનો પાયો નંખાયો એ કાળે મુહૂર્ત નિયત કરવામાં પણ જૈન યતિ અગ્રેસર પદ ભોગવતાં. એથી તો વનરાજે જૈનધર્મ પ્રત્યેના બહુમાનને લઇ પોતાની નમન કરતી મૂર્તિ તૈયાર કરાવી શ્રી પંચાસર-પાર્શ્વનાથના દેવાલયમાં મૂકાવેલી છે, જે આજે મોજુદ છે. શ્રી પાર્શ્વનાથની મૂર્તિ પંચાસર કે જ્યાં જયશિખરી અને ભૂવડ (ભૂયડ)નું યુદ્ધ થયેલ ત્યાંથી લાવવામાં આવેલ હતી. કારભારમાં પણ વણિક શ્રેષ્ઠ ચાંપાનું નામ આગળ પડતું દેખાય છે. એ જૈનધર્મી હતો. વ્યવસાયની નજરે વણિક હોવા છતાં તીરંદાજીમાં તે એકકો હતો. આમ વનરાજ દેવના રાજ્યના આરંભથી જ રાજ્ય કારભારમાં જૈનધર્મી મહાજનો જોડાયેલા હતા. ત્યારપછી એક તરફ જેમ રાજવીઓની હારમાળા તેમ બીજી બાજુ જૈનધર્મ પાળનાર મહાઅમાત્યો કે અમાત્યોની શ્રેણી. દંડ નાયક પદ ધરાવનાર પણ ઘણા ખરા પ્રસંગોમાં જૈનધર્મી વંશઉતાર ચાલ્યા આવ્યા છે. અત્રે એ બધું વિસ્તારવાની ઇચ્છા પર અંકુશ મૂકી મુખ્ય વાત તરફ વળીએ અને કુમારપાળ મહારાજાના પૂર્વજો પ્રતિ ઉડતી નજર ફેંકી લઇએ.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મથુરાની નં. ૧૫૦૪ નં. ૧૫૦૫ ની પ્રતિમાઓમાં માલા લઇને પૂજા માટે આવતા હોય એવા માલાધારી દેવોની આકૃતિઓ છે. સંભવ છે કે આ આગમોક્ત માળાવાળા છત્રધારીની જેમ સુરપુષ્પવૃષ્ટિને સૂચવતા સ્વતંત્ર માલાધારી દેવો હોય. નાંદિયા ( મારવાડ )ની શ્રી જીવિતસ્વામીની પ્રતિમાના પરિકરમાં પણ આવી ઝુકાવવાળી દેવઆકૃતિઓ છે.

### ૪–અપરાજિત શિલ્પગ્રંથ

આર્યવર્તના પ્રાચીન શિલ્પગ્રંથ વિશ્વકર્મા વિરચિત 'અપરાજિતવાસ્તુશાસ્ત્ર'માં જિન-પ્રતિમાના પરિકરનું વર્ણન ભિન્નરૂપે મળે છે. એ મૂળ પાઠ તથા તેનો અનુવાદ 'જૈન ધર્મ પ્રકાશ'ના વર્ષ ૩૦ માંના અંક ૧૦ માં છપાયેલ છે, તે તેમાંથી અક્ષરશઃ અહીં નીચે આપેલ છે.

॥ श्री गणिराजाभ्यां नम : ॥

सुमेरुशिखरं दृष्ट्वा गौरी पृच्छति शंकरम् ।
कोऽयं पर्वत इत्येष कस्येदं मंदिरं प्रभो ॥ १ ॥
कोऽयं मध्ये पुनर्देवः पादान्ता का च नायिका ।
किमिदं चक्रमित्यत्र तदन्ते को मृगो मृगी ॥ २ ॥
के वा सिंहा गजा के वा के चामी पुरुषा नव ।
यक्षो वा यक्षिणी केयं के वा चामरधारकाः ॥ ३ ॥
के वा मालाधरा एते गजारूढाश्च के नराः ।
एतावपि महादेव कौ वीणावंशवादकौ ॥ ४ ॥
दुंदुभेर्वादकः को वा को वायं शंखवादकः ।
छत्रत्रयमिदं किं वा किंवा भामंडलं प्रभो ॥ ५ ॥

ईश्वर उवाच

शृणु देवि महागौरि यत्त्वया पृष्टमुत्तमम् ।
कोऽयं पर्वतमित्येष कस्येदं मंदिरं प्रभो ॥ ६ ॥
पर्वतो मेरुरित्येष स्वर्णरत्नविभूषितः ।
सर्वज्ञमंदिरं चैतद्रत्नतोरणमंडितम् ॥ ७ ॥
अयं मध्ये पुनस्साक्षात् सर्वज्ञो जगदीश्वरः ।
त्रयस्त्रिंशत्कोटिसंख्या यं सेवंते सुरा अपि ॥ ८ ॥
इंद्रियैर्न जितो नित्यं केवलज्ञाननिर्मलः ।
पारंगतो भवाम्भोधेर्यो लोकांते वसत्यलम् ॥ ९ ॥
अनंतरूपो यस्तत्र कषायैः परिवर्जितः ।
यस्य चित्ते कृतस्थाना दोषा अष्टादशापि न ॥ १० ॥
लिंगरूपेण यस्तत्र पुंरूपेणात्र वर्त्तते ।
रागद्वेषव्यतिक्रांतः स एष परमेश्वरः ॥ ११ ॥
आदिशक्तिर्जिनेंद्रस्य आसने गर्भसंस्थिता ।
सहजा कुलजा ध्याने पद्महस्ता वरप्रदा ॥ १२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धर्म्मचक्रमिदं देवि धर्म्ममार्गप्रवर्त्तकम् ।
सत्वं नाम मृगस्सोऽयं मृगी च करुणा मता ॥ १३ ॥
अष्टौ च दिग्गजा एते गजसिंहस्वरूपतः ।
आदित्याद्या ग्रहा एते नवैव पुरुषाः स्मृताः ॥ १४ ॥
यक्षोऽयं गोमुखो नाम आदिनाथस्य सेवकः ।
यक्षिणी रुचिराकारा नाम्ना चक्रेश्वरी मता ॥ १५ ॥
इंद्रोपेंद्रास्स्वयं भर्त्तुर्ज्ञाताश्चामरधारकाः ।
पारिजातो वसंतश्च मालाधरतया स्थितौ ॥ १६ ॥
अन्येपि ऋतुराजा ये तेऽपि मालाधराः प्रभोः ।
अष्टेंद्रा गजमारूढाः कराग्रे कुंभधारिणः ॥ १७ ॥
स्नात्रं कर्त्तुं समायाताः सर्वसंतापनाशनम् ।
कर्पूरकुंकुमादीनां धारयंतो जलं बहु ॥ १८ ॥
यथा लक्ष्मीसमाक्रांतं याचमाना निजं पदम् ।
तथा मुक्तिपदं कांतमनंतसुखकारणम् ॥ १९ ॥
हूहूतुंबरुनामानौ तौ वीणावंशवादकौ ः ।
अनंतगुणसंघातं गायंतो जगतां प्रभोः ॥ २० ॥
वाद्यमेकोनपंचाशद्भेदभिन्नमनेकधा ।
चतुर्विधा अमी देवा वादयंति स्वभक्तितः ॥ २१ ॥
सोयं देवो महादेवि दैत्यारिः शंखवादकः ।
नानारूपाणि बिभ्राण एकैकोऽपि सुरेश्वरः ॥ २२ ॥
जगत्त्रयाधिपत्यस्य हेतुच्छत्रत्रयं प्रभोः ।
अमी च द्वादशादित्या जाता भामंडलं प्रभोः ॥ २३ ॥
पृष्ठलग्ना अमी देवा याचंते मोक्षमुत्तमम् ।
एवं सर्वगुणोपेतः सर्वसिद्धिप्रदायकः ॥ २४ ॥
एष एव महादेवि सर्वदेवनमस्कृतः ।
गोप्याद्गोप्यतरः श्रेष्ठो व्यक्ताव्यक्ततया स्थितः ॥ २५ ॥
आदित्याद्या भ्रमंत्येते यं नमस्कर्त्तुमुद्यताः ।
कालो दिवसरात्रिभ्यां यस्य सेवाविधायकः ॥ २६ ॥
वर्षाकालोष्णकालादिशीतकालादिवेषभृत् ।
यत्पूजार्थं कृता धात्रा आकरा मलयादयः ॥ २७ ॥
काश्मीरे कुंकुमं देवि यत्पूजार्थं विनिर्मितम् ।
रोहणे सर्वरत्नानि यद्भूषणकृते व्यधात् ॥ २८ ॥
रत्नाकरोपि रत्नानि यत्पूजार्थं च धारयेत् ।
तारकाः कुसुमायंते भ्रमंतो यस्य सर्वतः ॥ २९ ॥
एवं सामर्थ्यमस्यैव नापरस्य प्रकीर्तितम् ।
अनेन सर्वकार्याणि सिध्यंतीत्यवधारय ॥ ३० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परात् परमिदंरूपं ध्येयाद्धयेयमिदं परम्।
अस्य प्रेरकता दृष्टा चराचरजगत्त्रये ॥ ३१ ॥
दिक्पालेष्वपि सर्वेषु ग्रहेषु निखिलेष्वपि।
ख्यातस्सर्वेषु देवेषु इंद्रोपेंद्रेषु सर्वदा ॥ ३२ ॥
इति श्रुत्वा शिवाद् गौरी पूजयामास सादरम्।
स्मरंती लिंगरूपेण लोकान्ते वासिनं जिनम् ॥ ३३ ॥
ब्रह्मा विष्णुस्तथा शक्रो लोकपालास्सदेवताः।
जिनार्चनरता एते मानुषेषु च का कथा ॥ ३४ ॥
जानुद्वयं शिरश्चैव यस्य धृष्टं नमस्यतः।
जिनस्य पुरतो देवि स याति परमं पदम् ॥ ३५ ॥
॥ इति श्री विश्वकर्म्माविराचिताऽपराजितवास्तुशास्त्रमध्ये
सं० १९७१ कार्त्तिक कृष्ण १३ मन्दवासरे जीर्णपत्रादुद्धरति
लि० भोजक गिरिधर हेमचन्द पटणी.हाल अमदावाद विद्याशाला.

## ઉપરના શ્લોકોનું ભાષાંતર

એકદા મેરૂપર્વતના શિખરને જોઇને પાર્વતીએ શંકર (મહાદેવ) ને પૂછ્યું કે-"હે સ્વામી! આ કયો પર્વત છે? તેના પર આ મંદિર કોનું છે? તે મંદિરમાં આ કયા દેવ છે? તે દેવના ચરણની સમીપે આ નાયિકા (મુખ્ય દેવી) કોણ છે? વળી આ ચક્ર દેખાય છે તે શું છે? તેની પાસે આ મૃગ તથા મૃગલી છે તે કોણ છે? આ સિંહો કોણ છે? આ હાથીઓ કોણ છે? આ નવ પુરૂષો કોણ છે? આ યક્ષ તથા યક્ષિણી કોણ છે? આ ચામરધારીઓ કોણ છે? આ (હાથમાં) માળાને ધારણ કરી રહેલા કોણ છે? આ હાથી ઉપર ચઢેલા માણસો કોણ છે? હે મહાદેવ! આ વીણા તથા વાંસળીને વગાડનારા બે પુરૂષો કોણ છે? આ દુંદુભીને વગાડનારો કોણ છે? આ શંખ વગાડનારો કોણ છે? આ ત્રણ છત્ર દેખાય છે તે શું? તથા હે પ્રભો! આ ભામંડળ શું છે?"

(આ પ્રમાણે પાર્વતીનું વચન સાંભળીને) ઈશ્વર (મહાદેવ) બોલ્યા કે-"હે દેવી મહાગૌરી! સાંભળો :- આ પર્વત કયો છે? તથા હે દેવી! આ મંદિર કોનું છે? એ વગેરે પ્રશ્નો તમે બહુ ઉત્તમ પૂછ્યા છે. આ મેરૂ નામનો પર્વત છે. તે સુવર્ણ તથા રત્નોથી ભૂષિત છે. આ રત્નના તોરણથી શોભિત મંદિર સર્વજ્ઞ દેવનું છે. તેની મધ્યે આ સાક્ષાત્ જગતના ઈશ શ્રી સર્વજ્ઞ દેવ વિરાજે છે. તે દેવને તેત્રીશ કરોડ દેવો પણ સેવે છે, તે ઇન્દ્રિયોથી જીતાયા નથી, નિરંતર કેવળજ્ઞાને કરીને નિર્મળ છે, તે સંસારરૂપી સાગરના પારને પામીને લોકને છેડે વસે છે. ત્યાં તે દેવ અનંત રૂપવાળા (અનંતા) છે, કષાયોથી રહિત છે, તથા અઢાર દોષોએ તેના ચિત્તમાં સ્થાન કર્યું નથી. તે દેવ ત્યાં (લોકાંતમાં) લિંગરૂપે જ રહેલા છે, અને આ લોકમાં પુરુષરૂપે રહેલા છે: રાગ દ્વેષથી રહિત એવા તે જ આ પરમ ઈશ્વર છે. તે દેવની સમીપે ગભારામાં રહેલી આ જિનેન્દ્રની આદિ શકિત છે કે જે ધ્યાન સમયે સહજ ઉત્પન્ન થયેલી છે, કુળવતી છે, તેના હાથમાં પદ્મ છે, અને તે વરદાન આપનારી છે. હે દેવી! આ ધર્મમાર્ગે પ્રવર્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનાર ધર્મચક્ર છે, સત્ત્વ નામનો આ મૃગ છે, અને દયા નામની આ મૃગલી છે. આ હાથી અને સિંહને રૂપે રહેલા આઠ દિશાના આઠ દિગ્ગજો છે. આ જે નવ પુરૂષો છે તે રવિ વગેરે નવ ગ્રહો છે. આ ગોમુખ નામનો યક્ષ શ્રી આદિનાથનો સેવક છે, આ સુંદર આકારવાળી યક્ષિણી ચક્રેશ્વરી નામની છે. ઇંદ્રો તથા ઉપેંદ્રો પોતે જ આ પ્રભુના ચામર-ધારક થયેલા છે, પારિજાત (વૃક્ષ) અને વસંત (ઋતુ) એ બે માલાધર તરીકે રહેલા છે. બીજી પણ જે ઉત્તમ ઋતુઓ છે, તે પણ પ્રભુના માલાધર તરીકે રહેલા છે. આ હાથી પર આરૂઢ થએલા ભ્રષ્ટ [1]ઈંદ્રો હાથના અગ્ર ભાગમાં કુંભને (કળશને) ધારણ કરીને તેમાં સર્વ સંતાપને નાશ કરનારૂં અને કર્પૂર તથા કુંકુમ (કેશર) વગેરેથી મિશ્ર એવું ઘણું જળ લઈને પ્રભુની સ્નાત્ર પૂજા કરવા આવેલા છે. તેઓ જેમ લક્ષ્મીયુકત પોતાના ઇન્દ્રપદની યાચના કરે છે તે જ પ્રમાણે મનોહર અને અનંત સુખના કારણરૂપ એવા મોક્ષપદની પણ યાચના કરે છે. આ વીણા તથા વાંસળીને વગાડનારા હૂહૂ અને તુંબરૂ નામના દેવગાયકો છે, તેઓ ત્રણ જગતના પ્રભુના અનન્ત ગુણના સમૂહને ગાય છે. આ ચાર પ્રકારના (નિકાયના) દેવો પોતાની ભકિતથી જ ઓગણપચાસ પ્રકારના વાદ્ય (વાજિંત્ર)ને અનેક પ્રકારે વગાડે છે. હે મહાદેવી, જે આ શંખ વગાડે છે, તે રાક્ષસનો શત્રુ અને એકલો છતાં ભિન્ન ભિન્ન રૂપોને ધારણ કરનારો ઇંદ્ર છે. આ પ્રભુનું ત્રણ જગતનું આધિપત્ય જણાવનાર ત્રણ છત્ર છે, અને આ બાર સૂર્યો પ્રભુના ભામંડળરૂપે થયેલા છે. આ તેની પાછળ ઉભેલા દેવો ઉત્તમ મોક્ષની યાચના કરે છે. આ પ્રમાણે આ પ્રભુ સર્વ ગુણોથી યુકત અને સર્વ સિદ્ધિને આપનારા છે. હે મહાદેવી! સર્વ દેવોએ નમસ્કાર કરેલા, ગુહ્યથી પણ અત્યંત ગુહ્ય, શ્રેષ્ઠ અને વ્યકત તથા અવ્યકતપણે રહેલા આ જ દેવ છે. આ પ્રભુને નમસ્કાર કરવાને ઉદ્યમવંત એવા આ સૂર્યાદિક ગ્રહો નિરંતર ભ્રમણ કરે છે. દિવસ અને રાત્રિરૂપે રહેલો તથા વર્ષાઋતુ, ઉનાળો અને શીયાળો એ વગેરે વેશને ધારણ કરનાર કાળ આ પ્રભુની સેવા કરનારો છે. બ્રહ્માએ આ પ્રભુની પૂજાને માટે મલયાચળ વગેરે પર્વતો બનાવ્યા છે. તથા હે દેવી! તેની પૂજાને માટે કાશ્મીર દેશને વિષે કેશર બનાવ્યું છે. રોહણાચળ પર્વતમાં સર્વ રત્નો આ પ્રભુના ભૂષણ(અલંકાર)ને માટે જ બનાવ્યાં છે, સમુદ્ર પણ તેની જ પૂજાને માટે રત્નોને ધારણ કરે છે. આ પ્રભુની ચોતરફ ભ્રમણ કરતા તારાઓ પુષ્પની જેવા દેખાય છે. આ પ્રમાણે આ પ્રભુનું જ સામર્થ્ય કહ્યું છે, પણ બીજા કોઇ પણ દેવનું કહ્યું નથી, માટે આ પ્રભુ વડે જ સર્વ કાર્ય સિદ્ધ થાય છે, એમ તમે જાણો. આ પ્રભુનું રૂપ શ્રેષ્ઠમાં પણ શ્રેષ્ઠ છે, ધ્યાવાયોગ્ય રૂપમાં આ જ રૂપ ઉત્તમ ધ્યાવાયોગ્ય છે. આ ચરાચર ત્રણે જગતમાં આ પ્રભુથી જ પ્રેરણા દેખાય છે. સર્વે દિક્પાળોમાં, સર્વે ગ્રહોમાં, સર્વ દેવોમાં અને સર્વ ઇંદ્રો તથા ઉપેંદ્રોમાં આ પ્રભુ જ પ્રખ્યાત છે.

આ પ્રમાણે મહાદેવ પાસેથી જિનેંદ્રનું સ્વરૂપ સાંભળીને પાર્વતી લોકાંતમાં લિંગરૂપે રહેલા જિનેશ્વરનું સ્મરણ કરતી છતી આદરસહિત તેમની પૂજા કરતી હવી. બ્રહ્મા, વિષ્ણુ, ઈંદ્ર અને દેવો સહિત લોકપાળો એ સર્વે જિનેશ્વરની પૂજા કરવામાં આસકત છે, તો તો પછી મનુષ્યોમાં તો શું કહેવું ? હે દેવી! જિનેશ્વરની પાસે નમસ્કાર કરતાં જેના બે જાનુ તથા મસ્તક પૃથ્વી સાથે ઘસાય છે, તે પ્રાણી મોક્ષપદને પામે છે.

---

1 ઇંદ્રપણાથી ભ્રષ્ટ થએલાઓ. (આ કથન અન્ય મતની માન્યતાનું છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૫–માનસાર શિલ્પગ્રંથ

માનસર તે વિક્રમપૂર્વનો, ૭૦ અધ્યાયમાં વહેંચાયેલો, મહાન ભારતીય શિલ્પગ્રંથ છે, જેનું પ્રકાશન પ્રયાગ વિશ્વવિદ્યાલયના ડીન પ્રાચીન વિભાગના અધ્યક્ષ અને સંસ્કૃતના પ્રધાન અધ્યાપક શ્રીયુત પ્રસન્નચંદ્રકુમાર આચાર્ય (M. A. કલકત્તા, Ph. D. લંડન D. Let. લંડન I. E. S.) મહોદયે ઇ. સ. ૧૯૩૩માં કરેલ છે તેમાં અધ્યાય ૧૯થી૩૦ તલ વિધાન, અ૦ ૪૮ કલ્પવૃક્ષ, અ. ૫૫ જૈન લક્ષણ, અ. ૫૬ બૌદ્ધ લક્ષણ, અ. ૬૪ પ્રતિમાવિધાન એમ ભિન્ન ભિન્ન વસ્તુઓ દર્શાવી છે. જેમાંનુ જિન-પ્રતિમાના પરિકરનું વર્ણન અપરાજિત ગ્રન્થને મળતું આવે છે. જેના કેટલાય શ્લોકો નીચે મુજબ છે.

स्थावरं जंगमं चैव लक्षणं वक्ष्यतेऽधुना ।
द्विभुजं च द्विनेत्रं च मुण्डतारं च शीर्षकम् ॥ ३६ ॥
ऋजुस्थानकसंयुक्तं तथा चासनमेव च ।
समाङ्घ्रिऋजु(ज्वा)कारं स्यात्लम्बहस्तद्वयं तथा ॥ ३७ ॥
आसनं च द्विपादौ च पद्मासनं तु संयुतम् ।
ऋजुकं च ऋजो(जु)भावं योगं तत्परमान्त(त्म)कम् ॥ ३८ ॥
सव्यापसव्यहस्तं च मूलोर्ध्वोर्ध्वमुखं करौ ।
स्थानकं चासनं वापि सिंहासनोपरि न्यसेत् ॥ ३९ ॥
अ(उ)परे तु निर्यूहं कुर्यान्मकर तोरणं [भवेत्] ।
तदूर्ध्वं कल्पवृक्षं(क्षः)स्यात् सह(ग)जेन्द्रस्वरैः (परैः)सह ॥ ४० ॥
नारदादि(दीन्)ऋषीन् देवान् देवाङ्गनाभिः सह सेवितान् ।
यक्षविद्याधराद्यैश्च चक्रमन्यत्र भूपतिम् (तीन्) ॥ ४१ ॥
न(ना)गेन्द्रादि(दीन्) च दिग्पालान् यक्षैश्च सह सेविताम् ।
यक्षयक्षेश्वरौ पार्श्वे चामरोद्धृतसेवितान् ॥ ४२ ॥
चतुत्रि(र्त्रे)यान्तरि(री)क्षे तु तस्याधो जिनदेवतान् ।
स्फटिकश्वेतरक्तं च पीतश्यामनिभं तथा ॥ ४३ ॥
सिद्धादिश्च सुगन्धश्च ज(जि)नं चाह(र्ह) तु पार्श्वकम् ।
एतत्पंचपरमेष्ठी(वर्ण) पञ्चवेरं यथाक्रमम् ॥ ४४ ॥
उत्तमं(म)दशतालेन देवाङ्गैः सह मानयेत् ।
चतुर्विंशति तीर्थानां(न्) दशतालेन कारयेत् ॥ ४५ ॥
निराभरणसर्वाङ्गं निर्वस्त्राङ्गं मनोहरम् ।
सम(र्व)वक्षः स्थले हेम— वर्णं श्रीवत्सलाञ्छनम् ॥ ४६ ॥
द्वारे चण्डं महाचण्डं कुर्यात्सव्यापसव्यके ।
एवं तु जिनमित्युक्तं शेषमागमतो(त उ)क्तवत् ॥ ४७ ॥
इति मानसारे वास्तुशास्त्रे जैनलक्षणविधानं नाम पञ्चपञ्चाशदध्यायः ॥

(पृष्ठ, ३६९)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ब्रह्माविष्णु[श्च]रुद्राणां बुध(द्ध)स्य ज(जि)नकस्य च ।
अन्यैश्च०००थ(न्येषां प्रतिमानामेवं) मानं तु संग्रहम् ॥ ४६ ॥
एवं तु चोत्सवादीनां स्थावरं(र)जङ्गमादिनः( दीनाम् ) ॥
इति मानसारे वास्तुशास्त्र प्रतिमाविधानं नाम चतुःषष्टितमोऽध्यायः ॥
( पृ. ३९१ )

અપરાજિત અને માનસાર તો ઉપર પ્રમાણે જિનપ્રતિમાના પરિકરમાં જિનપ્રતિમાની નીચે ગાદીમાં ધર્મચક્ર સિંહાસન મૃગ મૃગી દિક્પાલ નવગ્રહ યક્ષ અને યક્ષિણી બતાવે છે. આમાં દિક્પાલો અને ગ્રહો તે નાગ આદિ પ્રતિમાને સ્થાને છે એ વસ્તુ સમજી શકાય તેવી છે.

જિનપ્રતિમાના અધિષ્ઠાયકો વિશેષતયા ભુવનપતિ દેવો હોય એમ લાગે છે. ચોવીસ યક્ષ અને યક્ષિણી એ વાસ્તવિક રીતે એ જાતિના જ દેવો છે.

ઉપરનું વર્ણન એ "પંચતીર્થી" પ્રતિમાનું અસલી સ્વરૂપ છે. આ સિવાય "પંચપરમેષ્ઠી"નું સ્વરૂપ પણ ઘણું પ્રાચીન છે, એ માનસારના આધારે સ્વીકારવું પડે છે.

હવે આપણે મથુરાવાળી પ્રતિમાઓ તપાસીએ તો ત્યાં B. નં. ૭ B. નં. ૨૨ નં. ૧૫૦૫ વગેરે પ્રતિમાઓમાં સિંહની આકૃતિઓ છે. B. નં. ૨૨માં યક્ષ યક્ષિણીની પણ આકૃતિઓ છે અને છુટક નં. ૧૫૦૪વાળી પ્રતિમામાં તો બીજી પણ ચાર પદ્માસનવાળી પ્રતિમાઓ છે એટલે આ પ્રતિમા તે સૌથી પ્રાચીન ઉપલબ્ધ પંચતીર્થી કે પંચપરમેષ્ઠી છે.

## ૬–પંચતીર્થ વગેરે

જેમ જિનમંદિરના નિર્માણમાં વિવિધતા છેઃ જેમકે–એકમાળ, બે માળ, બત્રીશમાળ, ગૂઢમંડપવાળું, રંગમંડપવાળું, એક શિખરી, પંચશિખરી તથા એક જિનાલય, પાંચજિનાલય, ચોવીશજિનાલય, બાવન જિનાલય (બાવનજંજાળી), બહોંતેર જિનાલય વગેરે વગેરે તેમ જિનપ્રતિમાની રચના એકરૂપે હોવા છતાં તેના પરિકરમાં વિવિધતા છે. જેમકે–અરિહંત, પંચતીર્થી, ચોવીશવટ્ટો, સપ્તતિશતપટ્ટ, પંચપરમેષ્ઠી, નવપદ, સિદ્ધ વગેરે વગેરે.

**૧ અરિહંત**–આપણે ઉપર જોઇ ગયા કે પ્રથમ જિનપ્રતિમાના પરિકરમાં છત્રધારી ચામરધારી અને આઠ દેવો હતા. આ પરિકર હોવાના કારણે એ પ્રતિમા અરિહંત તીર્થંકરની મનાય છે. વાસ્તુસાર વગેરે ગ્રંથોમાં જે પરિકરવિધાન છે તે ઉક્ત કથનના વિસ્તારરૂપે છે. તેમાં આઠ પ્રાતિહાર્ય સમોસરણ અને ભાવ તીર્થંકરત્વનું સૂચન છે. તેમાં પાંચ પ્રતિમા હોય તો વચમાં ૧ મૂળનાયક બન્ને પડખે ૨ ખડ્ગાસન કાઉસગ્ગીયા અને તે ઉપર ૨ ધ્યાનસ્થ મૂર્તિ હોય છે. પરિકરની ચારે પ્રતિમાઓ તે કોઈ પણ તીર્થંકર કેવળી ભગવાન કે પરમેષ્ઠીની હોય છે.

**૨ પંચતીર્થી**—પરિકરવાલી અરિહંત પ્રતિમાનું કંઇક પરિવર્તિત સ્વરૂપ તે પંચતીર્થી કહેવાય છે. જેના આલેખનમાં તીર્થંકરભાવનું આંશિક સૂચન હોય છે.

પંચતીર્થીમાં વચમાં ધ્યાનસ્થબેઠી જિનપ્રતિમા મૂલનાયક હોય છે. બન્ને બાજૂ ૨ ચામરધારી ઇંદ્ર અથવા ૨ ખડ્ગાસન કાઉસગીયા અથવા ૨ ખડ્ગાસન મૂર્તિ અને પડખે ૨ ચામરધારી હોય છે. તેઓની ઉપર ૨ ધ્યાનસ્થ પ્રતિમાઓ હોય છે, કોઇ કોઇમાં ન પણ હોય, મૂળનાયકની ઉપર છત્ર હોય છે, અને નીચે ગાદીમાં નવગ્રહો તથા યક્ષ–યક્ષિણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે હોય છે. આ અરિહંતની પ્રતિમા મનાય છે. જેમાં મૂળનાયક કોઈ પણ તીર્થંકર હોય છે તેના પરિકરની ચારે પ્રતિમાઓ તે અમુક તીર્થંકરની જ હોય એવો કંઇ નિયમ નથી.

પૂજાઓ આ પ્રતિમાની સામે ભણાવાય છે.

**૩ ચોવીશવટ્ટો**—વચમાં એક જિનપ્રતિમા અને ચારે બાજૂ વ્યવસ્થિત રીતે ૨૩ તીર્થંકરોની ૨૩ પ્રતિમાઓ એમ ૨૪ પ્રતિમાઓનો ચોવીશવટ્ટો બનાવાય છે. તેમાં મૂળનાયકની એક પ્રતિમા જે તીર્થંકર ભગવાનની હોય છે તેના નામથી જ આ ચોવીશવટ્ટો ( **चतुर्विंशतिजिनपट्ट** ) ઓળખાય છે.

**૪ સપ્તતિ શતપટ્ટ**—વચમાં એક જિનપ્રતિમા અને ચારે બાજૂ તે સમયના ૧૬૯ તીર્થંકરોની પ્રતિમા એમ ૧૭૦ પ્રતિમાઓનો સપ્તતિશતપટ્ટ ( **सत्तरिसयपट्टो** ) પણ બને છે. ૧૭૦ તીર્થંકરોનાં અસદ્ભૂત સ્થાપનાસમાં સંખ્યાલેખનથી **સત્તરિસયજંત્ર** બને છે.

**૫ પંચપરમેષ્ઠી**—અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એ પાંચે પૂજ્યોનો પટ્ટ તે પંચપરમેષ્ઠી કહેવાય છે, જેમાં વચમાં અરિહંત ભગવાન હોય છે. માનસાર અધ્યાય ૫૫, શ્લોક ૪૩-૪૪માં આ પંચપરમેષ્ઠીનું સૂચન છે.

**૬ નવપદ**—વચમાં શ્રી તીર્થંકર ભગવાન્ ચારે દિશામાં સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુભગવાન્ તથા ચારે ખુણામાં દર્શન જ્ઞાન ચરિત્ર અને તપ એમ નવનો પટ્ટ તે નવપદ કહેવાય છે. આનું બીજું નામ **સિદ્ધચક્રયંત્ર** પણ છે.

**૭ સિદ્ધભગવાન્**—જે જિનપ્રતિમાને પરિકર ન હોય અથવા પરિકરથી જુદી કરવામાં આવી હોય તે પ્રતિમા સિદ્ધ ભગવાનની મનાય છે. પરિકર એ તીર્થંકરદશાને સૂચવે છે, અને પરિકરવિનાનું એકાકીપણું એ સિદ્ધ દશાને સૂચવે છે. માટે પરિકરવિનાની જિનપ્રતિમા એ સિદ્ધભગવાનની પ્રતિમા મનાય છે.

સિદ્ધ ભગવાનની પ્રતિમા સામે સ્નાત્ર, પંચ કલ્યાણક, અષ્ટપ્રકારી, સત્તરભેદી, શાંતિસ્નાત્ર, અષ્ટોતરીસ્નાત્ર વગેરે પૂજાઓ ભણાવાય નહીં. કારણ કે પૂજાઓ અરિહંતની સામે ભણાવવાની છે. જ્યારે પરિકર રહિત મૂર્તિ સિદ્ધની છે માટે તેની સામે ભણાવી શકાય નહીં. માટે જ એ પૂજાઓ ભણાવવી હોય ત્યારે પરિકરવાલી પ્રતિમા--પંચતીર્થી ખાસ સિંહાસનપર સ્થાપવી પડે છે અને તેની સામે પૂજાઓ ભણાવાય છે.

ખાસ કરીને તીર્થનાયક કે મૂળનાયકની પ્રતિમા તો અરિહંતની જ હોવી જોઇએ. ઘરદેરાસરમાં પણ મુખ્ય અરિહંતની પ્રતિમા જ હોવી જોઇએ. આ વસ્તુને નહીં જાણનારા મનુષ્યો પ્રતિમાઓના પરિકરને કાઢી નાખે છે, તે ભૂલ જ કરે છે.

આ રીતે પરિકર વગેરેમાં વિવિધતા છે. અને એ દરેક વિવિધતાનું મૂળ ઉપર દર્શાવેલ પાઠો છે.

**૭-દિગમ્બરી મતે**

જિનપ્રતિમાનુ અંગનિરૂપણ, વર્ણઆલેખન અને પરિકર એ દરેક બાબતોમાં દિગમ્બર શાસ્ત્ર પણ ઉપરના કથનોને જ અનુસરે છે. જેમકે—

દિગમ્બર પંડિત દ્યાનતરાયજીએ નંદીશ્વરદ્વીપની પૂજામાં તીર્થંકરની પ્રતિમાના રંગોનું નીચે મુજબ વર્ણન કર્યું છે-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बिम्ब अट्ठपकसौ रत्नमयी सोहयी ।
देवदेवी सर्वे नैन मन मोहयी ॥
पांचसो धनुष तन पद्मआसन परम् ।
भवनि बावन्नि प्रतिमा नमूं सुखकरं ॥ १२ ॥
लाल मुख नख नयन श्याम और श्वेत हैं ।
श्याम रंग भौंह शिरकेशछबि देत हैं ॥
वचन बोलत मनोहर्ष कालुषहरं ।
भवनि बावन्नि प्रतिमा नमूं सुखकरं ॥ १३ ॥

નંદીશ્વર દ્વીપપર એક ભુવનમાં ૧૦૮ એ રીતે બાવન ભુવનમાં રત્નથી શોભતા દેવ દેવી-ઓના નયનમનને લોભાવનારાં ૫૦૦ ધનુષ દેહપ્રમાણ પદ્માસનધારી સુખકર જે જિનબિમ્બ છે તેને નમુ છું. (૧૨) નંદીશ્વર દ્વીપના બાવન ભુવનમાં જે પ્રતિમાઓ છે તેઓને મુખ તથા નખ લાલ છે, આંખ કાળી તથા ધોળી છે, ભંવર કાળી છે, અને માથાના વાળ કાળા છે તથા જે મનને હર્ષ દેનાર અને પાપને નાશ કરનાર વચન બોલશે એવી દીસે છે. તે સુખકર દરેક પ્રતિમાઓને હું નમું છું. (૧૩).

દિગમ્બરીય ચર્ચાસાગર ચર્ચા ૪૪ પૃ. ૪૨ માં લખ્યું છે કે:—

वामे च यक्षीं बिभ्राणं, दक्षिणे यक्षमुत्तमम् ।
नवग्रहानधोभागे, मध्ये च क्षेत्रपालकम् ॥
यक्षाणां देवतानां च, सर्वालंकारभूषितम् ।
स्ववाहनाबलोपेतं, कुर्यात् सर्वांगसुंदरम् ॥

એટલે શ્રીતીર્થંકરદેવના પરિકરમાં જમણી તરફ યક્ષ ડાબી તરફ યક્ષિણી નીચે નવગ્રહ અને મધ્યમાં ક્ષેત્રપાળ કરવા. યક્ષ અને દેવોને અલંકાર વાહન વગેરેથી યુક્ત સર્વાંગ સુંદર બનાવવા. દિગમ્બરશાસ્ત્ર જિનપ્રતિમાનું આ વર્ણન આપે છે. દિગમ્બરભાઇઓ પોતાની ભૂલ થતી હોય તેને સુધારી આ અસલી સ્વરૂપને અપનાવે એ ઇચ્છનીય છે.

## ૮–અંતિમ

જિનપ્રતિમા એ આગમોક્ત આરાધ્ય વસ્તુ છે. સંસ્કૃતજ્ઞ આગમાભ્યાસી અને ભવભીરૂ સ્થાનકમાર્ગી તથા તેરાપંથી સાધુઓ પણ જિનપ્રતિમાને આગમપ્રમાણુ માને છે.

કદાચ તેના ઉપયોગ વિનય અને આરાધનાના માર્ગમાં મતભેદ ધરાવે છે કિન્તુ જિન-પ્રતિમા છે એમ તો સ્વીકારે છે જ. કોઇ ચીજ નિરૂપયોગી હોતી જ નથી. જિનપ્રતિમા છે તો તે જિનેશ્વર સમાન આરાધ્ય જ છે. મુમુક્ષ જીવો તેના દ્વારા આત્મકલ્યાણ સાધે છે. એ સાધનામાં ઉત્સાહ વધતો રહે એ વાતને લક્ષ્યમાં રાખીને જ પરિકરવિધાનમાં યોગ્ય પરિવર્તનો પણ ઉચિત માન્યા છે, જે ઉપર બતાવ્યાં છે. દરેકમાં અરિહંતને જ પ્રધાનતા આપી છે.

નવીન પ્રતિમા ભરાવનાર મુમુક્ષ ઉપરની વાતને ધ્યાનમાં રાખી પરિકરની શુદ્ધ રચના વડે જિનપ્રતિમાનું નિર્માણ કરે, કરાવે અને દ્વારા આત્મકલ્યાણને પ્રાપ્ત કરે એ ઇચ્છાપૂર્વક પ્રસ્તુત લેખને સમાપ્ત કરૂં છું. (સમાપ્ત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मंत्रीश्वर वर्द्धमानशाह

लेo श्रीयुत हजारीमलजी बांठिया, बीकानेर

★

राजपूताने की तरह गुजरात–काठीयावाड़ प्रान्त का इतिहास भी ओसवाल नररत्नों के आत्मत्याग, बलिदान और अन्य वीरोचित कार्यों से सुशोभित है। गुजरात–काठीयावाड़ के प्राचीन सामाजिक, राजनैतिक, धार्मिक, सैनिक, व्यापारिक और आर्थिक आदि अनेक क्षेत्रों में ओसवाल वीरों का ही प्रथम हाथ रहा है। और वहां के पुनीत इतिहास में ओसवाल वीरों की गरिमा गौरवान्वित है।

आज उन्हीं ओसवाल नररत्नों में से एक वर्द्धमानशाह के जीवनपट पर कुछ झांकी की जा रही है। गुजरात–काठीयावाड़ के धार्मिक और राजनैतिक क्षेत्रों के ओसवाल मुत्सद्दियों में आपका आसन ऊंचा है। आपकी तथा आपके लघु भ्राता शाह पद्मसिंह की यशःपताका आज भी शत्रुञ्जय और जामनगर में फहराती है और चिरकाल तक फैलाती रहेगी।

वर्द्धमानशाह ओसवाल ज्ञाति के लालण गोत्र के पुरुष थे। आप अमरसिंह के ज्येष्ठ पुत्र, बच्छ के पौत्र और पर्वत के प्रपौत्र थे। आपका जन्म अमरसिंह की धर्मपत्नी लिंगदेवी की रत्नगर्भ कुक्षि से हुआ था।

वर्द्धमानशाह का मूल निवासस्थान कच्छ प्रांतका अलसाणा नामक ग्राम था। संयोगवश अलसाणे के ठाकुर की कन्या का विवाह जामनगर के जाम साहब से हुआ। बिदा के वक्त जामसाहब ने ठाकुर से कन्या के दहेज में वर्द्धमानशाह और उनके संबन्धी रायसीशाह को जामनगर में बसने के लिए मांगा। इस पर वर्द्धमानशाह ठाकुरआज्ञा से १० हजार ओसवाल मनुष्यों को साथ लेकर जामनगर आ बसे।

वर्द्धमानशाह बड़े धनाढ्य कुशल व्यापारी थे। आपका अनेक देशों के साथ व्यापार होता था। आपने अपने बाहुबल से लाखों रूपयों की संपत्ति अर्जन की। अगर आपको तत्कालीन 'कुबेरपति' की पदवी दी जाय तो भी कोई अत्युक्ति नहीं होगी।

वर्द्धमानशाह का राजा और प्रजा में बहुत सम्मान था। आप तथा आपके भाई पद्मसिंह तत्कालीन जामनगर के जामसाहब के प्रधान मंत्री थे। जामसाहब आपका बहुत मान करते थे, प्रत्येक महत्त्वपूर्ण कार्य में आपकी राय लेते थे। आप असंख्य द्रव्य के मालिक थे।

जामनगर में दोनों कुबेरपति भाई वर्द्धमानशाह और पद्मसिंह रहकर अनेक देशों के साथ व्यापार करने लगे और वहांकी जनता में बड़े लोकप्रिय हो गये। और दोनों भाईयोंने वि. सं. १६७६ में शत्रुञ्जय और जामनगर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



में बड़े बड़े विशाल जैन मंदिर बनवाए और शत्रुञ्जय तीर्थ आदि तीर्थों की यात्राएं की ।

इन वर्द्धमानशाह का एक लेख[1] शत्रुञ्जय पहाड़ पर विमलवसई टौंक पर हाथी पोल के नजदीकवाले मन्दिर की उत्तर दिशावाली दिवाल पर लगा हुआ है ।

यह लेख २९ पद्य का पद्य में है और इसके नीचे थोड़ासा अंश गद्य में है । इस लेख के पहले पांच पद्यों में नवीनपुर ( जामनगर ) के राजा जसवंत और शत्रुञ्जय का उल्लेख है । और पद्य ६ से लेकर २३ पद्य में आचार्य कल्याणसागरसूरि आदि आचार्यों के नाम हैं । २४ पद्य से वर्द्धमानशाह और पद्मसिंह के प्रतिष्ठा करनेवाले कुटुम्ब के वर्णन का भाग इस प्रकार है ।

" ओसवाल जाति में लालण गोत्रान्तर्गत हरपाल नामक एक बड़ा शेठ था । उसके हरीआ नामक पुत्र हुआ । हरीआ के सिंह, सिंह के उदेसी, उदेसी के पर्वत, और पर्वत के बच्छ नामक पुत्र हुआ । बच्छ की भार्या वाच्छलदे की कुक्षि से अमर नामक पुत्र हुआ । अमर की लिंगदेवी नामक स्त्री से वर्द्धमान, चांपसी और पद्मसिंह नामक तीन पुत्र हुए । इनमें वर्धमान और पद्मसिंह बहुत प्रसिद्ध थे । ये दोनों भाई जामसाहब के मंत्री थे । जनता में आपका बहुत सत्कार था । वर्द्धमानशाह की स्त्री वन्नादेवी थी, जिसके वीर और विजयपाल नामक दो पुत्र थे । पद्मसिंह की स्त्री का नाम सुजाणदे था, जिसके श्रीपाल कुँवरपाल और रणमल्ल नामक तीन पुत्र हुए ।

इन तीनो भाइयोंने संवत् १६७५ ( शाके १५४१ ) वैशाख सुदि ३ बुधवार को शान्तिनाथ आदि तीर्थङ्करों की २०४ प्रतिमाएं स्थापित कीं और उनकी प्रतिष्ठा करवाई ।"

" अपने निवासस्थान नवानगर ( जामनगर ) में भी उन्होंने बहुत विपुल द्रव्य खर्च करके कैलाश पर्वत के समान ऊंचा भव्य प्रासाद निर्माण करवाया और उसके आसपास ७२ देवकुलिका और ८ चतुर्मुख मन्दिर बनवाये । शाह पद्मसिंह ने शत्रुञ्जय तीर्थ पर भी ऊँचे तोरण और शिखरोंवाला एक बड़ा मन्दिर बनवाया और उसमें श्रेयांस आदि तीर्थङ्करों की प्रतिमाएं स्थापित कीं ।"

" इसी प्रकार संवत् १६७६ के फाल्गुन मास की शुक्ला द्वितीया को शाह पद्मसिंहने नवानगर से बड़ा संघ निकाला और अंचलगच्छ के तत्कालीन आचार्य कल्याणसागरजी के साथ शत्रुञ्जय की यात्रा की और अपने बनाए हुए मन्दिर में उक्त तीर्थङ्करों की प्रतिमाएं खूब ठाठ बाठके साथ प्रतिष्ठित करवाई ।"

---

१ पूरा लेख पुरातत्वाचार्य मुनि जिनविजयजी संपादित प्राचीन जैन लेख संग्रह भाग २ के लेखाङ्क २१ में प्रकाशित है ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" उपर्युक्त प्रशस्ति को वाचक विनयचंद्र गणि के शिष्य पं. देवसागरने बनवाया"

इन्हीं वर्धमानशाह और पद्मसिंह के द्वारा बनाया जामनगरवाला श्री शान्तिनाथ प्रभु का मंदिर भी आज वहाँ पर उनके पूर्व वैभव की सूचना देता हुआ विद्यमान है। इस मन्दिर में एक वर्धमानशाह का प्रशस्ति लेख है, जिसमेंशाह के वंशजों के परिवारवालोंके नाम हैं। यह प्रशस्ति लेख १८ पद्यों में संपूर्ण हुआ है, इसके नीचे का अंश गद्य में है, 'वह पाठकों' की जानकारी के लिए यहा दिया जाता है।

" सपरिकरयुताभ्याममात्यशिरोरत्नाभ्यां साहिश्रीवर्धमान-पद्मसिंहाभ्यां हालारदेशे नव्यनगरे जाम श्रीशत्रुशल्यात्मज श्रीजसवंतजी विजयराज्ये श्रीअंचलगच्छेश श्रीकल्याणसागरसूरीश्वराणामुपदेशेनात्र श्रीशांतिनाथप्रासादादिपुण्यकृत्यं कृतं। श्रीशांतिनाथप्रभृत्येकाधिकाधिकपंचशतप्रतिमाप्रतिष्ठायुगंकारापितम्। चाद्या संवत् १६७६ वैशाखशुक्ल ३ बुधवासरे द्वितीया संवत् १६७८ वैशाखशुक्ल ५ शुक्रवासरे। एवं मंत्रीश्वर वर्धमानपद्मसिंहाभ्यां सप्तलक्षरूप्यमुद्रिका व्ययीकृता नवक्षेत्रेषु संवत् १६९७ मार्गशीर्षशुक्ल २ गुरुवासरे उपाध्यायश्रीविनयसागरगणेः शिष्य सौभाग्यसागरैरलेखीयं प्रशस्तिर्मनमोहनसागरप्रसादात् ॥ "×

वर्धमानशाह के बारे में जोकुछ ज्ञात हुआ उसीके आधार पर यह लेख लिखा गया है। भविष्य में विद्वत्समाजसे आशा है कि वर्धमानशाह की बनवाई हुई मूर्तियों के लेख, व अन्य शाह सम्बन्धी वस्तुओं की परिशोध कर प्रकाश में लाएगी और इसी प्रकार अन्य ओसवाल वीरों के जीवनपट पर झांकी डालेगी और उनका यश सर्वत्र फैलाएगी॥

× पूरा लेख देखीये जिनविजयजी संपादित प्रा. जै. लेखसंग्रह लेखाङ्क ४९९

# મૂર્ખ પંચાશિકા અને ત્રેપન શિક્ષા

સંગ્રાહક—મુનિરાજ શ્રી કાંતિસાગરજી

આ મૂર્ખ પંચાશિકા તથા ત્રેપન શિક્ષામાંથી ઘણું જાણવાનું મળી શકે તેમ છે. આની મૂળ પ્રત નાગપુરના ભંડારમાં સુરક્ષિત છે. તેના પાના બે છે. વસ્તુત: આ શિક્ષા જૈનોને જ નહિ પણ સમસ્ત સંસારને ઉપયોગી છે. પ્રાચીન જૈન જ્ઞાનભંડારોને સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસવામાં આવે તો અનેક પ્રકારનાં ઐતિહાસિક, સાહિત્યિક સાધનો પ્રાપ્ત થાય એમ છે. આમાં કોઇ કોઇ કોઈ સ્થળે અર્થ ન બેસે એવી અશુદ્ધિ છે તેને વિદ્વાનો સુધારશે એવી આશા છે.

## મૂર્ખ પંચાશિકા

૧ બાલકરો સંગ કરૈ તે મૂર્ખ
૨ વિણુ કામ પર ઘર જાય તે મૂર્ખ.
૩ બાપનૈ નીચરી ઓપમાં દૈ તે મૂર્ખ.
૩ એકામ પાપ કરૈ તે મૂર્ખ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ બેકામ બેઠ કરે તે મૂર્ખ.
૬ દાન દેતાં આડો આવે તે મૂર્ખ.
૭ વેકામ બાથ્યાં પડે તે મૂર્ખ.
૮ ગીત કથા કહતાં વિચમૈ બોલઇ તે મૂર્ખ.
૯ વડા માણુસ આગઇ ફિરૈ તે મૂર્ખ.
૧૦ નીચ પુરૂષસું સંગ કરૈ તે મૂર્ખ.
૧૧ ઉઘાડૈ મુખે વડા સામ્હો બોલૈ તે મૂર્ખ.
૧૨ સ્ત્રીસું ગુષ્ઠ કરઇ તે મૂર્ખ.
૧૩ રાજા માંનઇ તિણુ સામ્હો બોલૈ તે મૂર્ખ.
૧૪ મર્ઇદાન બૈસતાં ઝાડ પૂઠઇ રાખઇ તે મૂર્ખ.
૧૫ દરબારમૈ ઝુઠ બોલૈ તે મૂર્ખ.
૧૬ રૂપવંતી પારકી સ્ત્રી દેખી મશ્કરી કરઇ તે મૂર્ખ.
૧૭ ગુરૂ સામ્હો બાલઇ તે મૂર્ખ.
૧૮ મર્ઇદાન બૈઠાં વાત કરૈ તે મૂર્ખ.
૧૯ ગુરૂ સામ્હો હાંસણી માર વૈસે તે મૂર્ખ.
૨૦ કુલહીન સ્ત્રીરૈ ઘરે જાય તે મૂર્ખ.
૨૧ સુનારસું પ્રીત કરૈ તે મૂર્ખ.
૨૨ જાણીનઇ કુકર્મ કરઇ તે મૂર્ખ.
૨૩ પંડિતસું વાદ કરઈ તે મૂર્ખ.
૨૪ વૈદ્ય આગઇ આપરી વાત કહૈ તે મૂર્ખ.
૨૫ ગલી વીચ સ્ત્રી સું વાત કરઈ તે મૂર્ખ.
૨૬ રાજાસું પ્રીતિ જાણીનઇ વેસાસ કરઇ તે મૂર્ખ.
૨૭ હુંકારઈ અણદીધે વાત કરૈ તે મૂર્ખ.
૨૮ ડરરઈ માર્ગ એકલો નીકલઈ તે મૂર્ખ
૨૯ એકલો ઘણાંસું વેર કરૈ તે મૂર્ખ.
૩૦ અણઉલખ્યાં સાથ નીકલે તે મૂર્ખ.
૩૧ ઉંકડુ ઘણીવાર વૈસે તે મૂર્ખ.
૩૨ વાત કરતાં આપ હસૈ તે મૂર્ખ.
૩૩ અછેપસું વાત કરૈ તે મૂર્ખ.
૩૪ સામ્હેહલ બૈસ પેસાબ કરૈ તે મૂર્ખ.
૩૫ ઉકડૂ બૈસ જીમૈ તે મૂર્ખ.
૩૬ જીમતાં ઉઠૈ તે મૂર્ખ.
૩૭ નિલજ હોઇ નીત કરૈ તે મૂર્ખ.
૩૮ ઉતાવલા જાતા કામ ખોટી કરૈ તે મૂર્ખ.
૩૯ જાતી વેરમૈ પડૈ તે મૂર્ખ.
૪૦ કોરી દાઢી સમારૈ તે મૂર્ખ.
૪૧ સુકણમાંડા ગામ ચાલૈ તે મૂર્ખ.
૪૨ વેકામ ગાલિ દેવૈ તે મૂર્ખ.
૪૩ ગાલ દીધા....ઘાલૈ તે મૂર્ખ.
૪૪ અણભાવતાં જીમઈ તે મૂર્ખ.
૪૫ સુતાર લાકડી વાઢતા આગૈ ઉભો રહે તે મૂર્ખ.
૪૬ સોકડા રમતાં વાદ કરૈ તે મૂર્ખ.
૪૭ વિગર તેરૂં પાણી મૈં પૈસે તે મૂર્ખ.
૪૮ જીમણવેલા રીસ કરઇ તે મૂર્ખ.
૪૯ આપ જનતાનૈ છેડઇ તે મૂર્ખ.
૫૦ જડા બલદ જોતૈ તે મૂર્ખ.
૫૧ અણઅસવાર ઘોડૈ ચઢૈ તે મૂર્ખ.
૫૨ સાંઢનૈ ચોટ વાહે તે મૂર્ખ.
૫૩ ઝૂઠા જિનાવરકૈ નેડઉ હુઇ નીકલૈ તે મૂર્ખ.
૫૪ પંડિત હોઈ પમાવૈ પઢે તે મૂર્ખ.
૫૫ દાતાર હુઈ નઇ ગરવ કરૈ તે મૂર્ખ.
૫૬ મિત્રરી સાણાંનૈ ન મનાવૈ તે મૂર્ખ
૫૭ મિત્રરી ગુઝકી વાત પરનઈ કહે તે મૂર્ખ.
૫૮ નિબલ થકો સબલો કામ કરૈ તે મૂર્ખ.
૫૯ રમતિ કરતા રીસ કરૈ તે મૂર્ખ,
૬૦ સબલો થકો કામ પડયા રાખે તે મૂર્ખ.
૬૧ ધર્મ કરતાં વિચાલે પગ ઘાલે તે મૂર્ખ.
૬૨ ભણતાં આળસ કરે તે મૂર્ખ.
૬૩ ગુઝ વાત પ્રકાસઇ તે મૂર્ખ.
૬૪ જીમીનૈ તુરત પાણી પીવૈ તે મૂર્ખ.
૬૫ ભણતાં રીસાઇ નીકલે તે મૂર્ખ.
૬૬ અણસુહાવતાં સીખ દૈ તે મૂર્ખ;
૬૭ જાચસું પ્રીત કરૈ તે મૂર્ખ.
૬૮ દીવાસું લાઇ ગલાવૈ તે મૂર્ખ.
૬૯ રાત માચો ખાઅઈ તે મૂર્ખ.
૭૦ દરબાર મૈ અપવિત્ર જાવઈ તે મૂર્ખ.
૭૧ ચેલા-બેટા લાડ કરૈ તે મૂર્ખ.
૭૨ લિખતાં વાત કરૈ તે મૂર્ખ.
૭૩ બહુસું રીસ કરૈ તે મૂર્ખ.
૭૪ રૂપવંત સ્ત્રી ઢીલ્હી મેલ્હૈ તે મૂર્ખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭૫ વેદિ લગાડે તે મૂર્ખ.
૭૬ વિદ્યાગુરૂ ઘણા કરૈ તે મુર્ખ.
૭૭ આગ લાગી સાંકડૈ પઇસઇ તે મૂર્ખ.
૭૮ કુવા કાંઠે હાસો કરૈ તે મૂર્ખ.
૭૯ દરબારમૈહ કુડી સાખ દી તે મૂર્ખ.
૮૦ બે વાત કરતાં ત્રીજો આગે ઉભૂ રહૈ તે મૂર્ખ.
૮૧ જીમણ આપાં ફીરાકતે જાવે તે મૂર્ખ.
૮૨ તોડ પ્રીત ફિર સાંધે તે મૂર્ખ.
૮૩ ઉંચૈ મુદૈ પાણી પીવૈ મૂર્ખ.
૮૪ ગાંવરે છેહડૈ બૈસૈ તે મૂર્ખ.
૮૫ કુવા ડોકે તે મુર્ખ.

દુહા

ચિતકર લિખીયા ચુપસું પચ્યાસી પ્રકાર;
અતર થોક જે કરઇ, જો મતિ મૂઢ ગવાર

ઇતિ પચ્ચાસી મૂર્ખ સંપૂર્ણ,

સંવત ૧૭૯૪.

## મનુષ્યને ૫૩ શિક્ષા

**અથ** : મનુષ્યનૈ ૫૩ સીખ લિખીયૈ છૈ

૧ શ્રી ભગવંતના ગુરૂના સમરણમાં રિહિવો
૨ ધણીના સ્રામ ધર્મમૈ રહિવો
૩ જીવદયા કરવી
૪ સનસકીજાયગા લેવાદેવી નકરણી
૫ બેટા લાડકા ન કરવા
૬ બેટાને માથામૈ ન દેણી
૭ પાડોસીસું લડાઈ ન કરવી
૮ જૈહને વાસ વસીજે તેસું વાદ ન કી જે
૯ નીલા સંખ નીચે બેસી ઝુઠ ન બોલી જે
૧૦ દુસમણરો વૈસાસ ન કીજે
૧૧ દુખી હવૈ તેહનૈ ઉપગાર કરણો
૧૨ વડૈ પ્રભાત નિદ્રા ન કરવી
૧૩ અસ્ત્રીને ભેદ ન દીજે
૧૪ કિણરો મર્મ ન છેદીજે
૧૫ સાંજવેલા મારગ ન ચાલીજે
૧૬ માવીતરૈ આજ્ઞામૈ રહણો
૧૭ ઉપની રીસ તુર્ત કાંમ ન કીજે
૧૮ ગામંતરૈ સાથ દેખી ચાલવો
૧૯ નાનો માણસ જાણિયૈ
૨૦ ભાગવંતની હોડ ન કીજે
૨૧ કુલમાંહે ભુંડો કાર્ય ન કીજે
૨૨ સત મારગ ચાલણો
૨૩ અમલ ઘણો હઠ કરીનૈ ખવાડવો નહી
૨૪ ધાતુવાદિરૈ પૈડૈ ન પડી જે
૨૫ ધર્મ કરતાં વિલંબ ન કીજે
૨૬ સીંચો લેઈ ઘરમૈં પૈસીજે
૨૭ નીચરો સંગ ન કીજે
૨૮ મજલસમાંહે બૈસી રાજકથા ન કીજે
૨૯ આપરે મુંહડૈ આપરી વડાઈ ન કીજે
૩૦ આગલો ભુંડાઇ કરૈ આપ ભલાઇ કીજે
૩૧ દુસમણનૈ દુસમણાગી ન જણાવવી ઘાત પડી યૈ ન ટલીજે
૩૨ ઘરની અસ્ત્રી કિણ હી પાસ ન રાખની
૩૩ છતે દ્રવ્ય દુઃખી ન હુણો
૩૪ ઘરના દોષ જણતણ આગે ન પ્રકાસવા
૩૫ સત છોડીજે નહી
૩૬ ઘરમાંહે સંપ કીજે
૩૭ સસ્ત્ર અલગો ન કરવો
૩૮ રાજા આગૈ ચેટક વિદ્યા ન કરવી
૩૯ રાજા મિત્ર ન જાણવો
૪૦ દેવીદેવતાને ઇચ્છણો થોડો કરવો
૪૧ આયપદ સારૂ ખરચ કરવો
૪૨ ભોજન વેલા વિલંબ ન કીજે
૪૩ કાલ પ્રસ્તાવ દેખી ચાલણો
૪૪ વસતીરે છોડે ન વસીજે
૪૫ ઘરમાંહે સેરી ન રાખીજે
૪૬ પૂર્વ સામા બૈસી લઘુવૃદ્ધિ ન કીજે
૪૭ દીવો ફૂંક દેઇનૈ બુઝાવીજે નહિ
૪૮ વડાંકી અદબ કરણી
૪૯ અવસર દેખી રીઝ કીજે
૫૦ સજનને પૂછી કાંમ કીજે
૫૧ કુડી સાખ ન દીજે
૫૨ અનેરી વસતરરો સંગ રોકીજે
૫૩ શ્રદ્ધા રાખી ધર્મ કરવો

ઇતિ ૫૩ શીખ સંપૂર્ણમ. સંવત ૧૭૯૪ વર્ષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### વિવિધતીર્થકલ્પાન્તર્ગત

# શ્રી પાર્શ્વનાથ-કલ્પ

અનુવાદક–મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી

સુર અસુર ખેચર કિન્નર અને જ્યોતિષી દેવોનાં સમુદાયરૂપ મધુકરોથી યુક્ત, ત્રણે ભુવનની લક્ષ્મીનું સ્થાન એવા જિનેશ્વરનાં ચરણકમળને હું નમું છું. (૧)[૧] પૂર્વ મુનિગણુ વડે કરીને અવિકલ્પ એવા ઘણા કલ્પોની અંદર સુર નર અને ધરણેંદ્રથી પૂજાયેલા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરનું જે ચરિત્ર કહેલું છે (૨) તે પાર્શ્વનાથ કલ્પને, સંકીર્ણ શાસ્ત્રોમાં લાગેલી છે ચિત્તવૃત્તિ જેની એવા ધર્મીજનોના આનંદના માટે સંક્ષેપથી કહું છું. (૩) ભવનાં દુઃખના ભારથી ભારી છે અંગ જેનાં એવા હે ભવી જીવો, ભવનાં ભ્રમણુને છેદવાને માટે મારા વડે ફરીથી સંક્ષેપથી કહેવાતો આ કલ્પ સાંભળો. (૪) એ પાર્શ્વનાથ પ્રભુનાં વિજયા, જયા, કમઠ, પદ્માવતી, પાર્શ્વયક્ષ, વઈરૂટ્ટા, ધરણુ અને સોળ વિદ્યાદેવી અધિષ્ટાયક દેવદેવીઓ છે. (૫) પ્રતિમાની ઉત્પત્તિની બીના [પ્રાચીન] કલ્પમાં કરી છે છતાં પણુ વિસ્તારના ભયથી આ કલ્પમાં કહેતો નથી. કેમકે (વિસ્તાર થવાથી) આ કલ્પને કોઇ વારંવાર ભણે નહિ. (૬) જે સમુદ્રને ચુલુક પ્રમાણુ બનાવે, તારાનાં વિમાનોની સંખ્યા ગણે તે પણુ પાર્શ્વજિનની પ્રતિમાના મહિમાને કહેવાને માટે સમર્થ થઇ શકતો નથી. [૭] આ પુરાણી [પાર્શ્વજિનની] પ્રતિમાને અનેક સ્થાનોમાં બિરાજમાન કરીને ખેચર–સુર–અને રાજાઓએ ઉપસર્ગની શાંતિને માટે પૂજી છે. [૮] તો પણુ માનવીઓનાં મનની નિશ્ચલતા કરવાને માટે–પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનો ઇંદ્ર વગેરેએ જે મહિમા કરેલો છે તે જ હું કેટલોક કહું છું. [૯] જે વખતે આ ભરતક્ષેત્રમાં, સુર અસુરથી વંદિત છે ચરણુ જેનાં એવા મુનિવ્રત જિનેશ્વરરૂપી સૂર્ય ભવ્ય જીવરૂપી કમલોને વિકશ્વર કરતા હતા [૧૦] તે વખતે શ્રેષ્ઠ ચંપાપુરીના સમુદ્રના કાંઠે જ્યોતિષી દેવો મહર્ષિઓથી વખણાયેલી આ પાર્શ્વનાથની પ્રભુની પ્રતિભા હતી. [૧૧] શક્રના કાર્તિક શેઠના ભવમાં વ્રત લીધા પછી આ પ્રતિમાના ધ્યાનથી સેંકડો અભિગ્રહ સિદ્ધ થયા. [૧૨] સૌધર્મ ઇંદ્ર તે પ્રતિમાના માહાત્મ્યને અવધિજ્ઞાન વડે જાણીને દિવ્ય મોટી વિભૂતિ વડે કરીને ત્યાં જ રહેલી તે પ્રતિમાને પૂજવા લાગ્યા. [૧૩] એમ કાળ વ્યતીત થયો અને કૈકયીના વચનથી રામ વનવાસ પામ્યા [તે વખતે] રાઘવને અને લોકોને પ્રભાવ દેખાડવાને માટે ઇંદ્રના વચનથી [૧૪] રત્નજડિત વિદ્યાધર યુક્ત એ દેવોએ દંડકારણ્યમાં અશ્વ સહિત રથ અને પ્રતિમાજી રામચંદ્રને આપ્યાં. [૧૫] રામચંદ્રજીએ ભક્તિભર્યા ભાવે સીતાથી લાવેલાં કુસુમોવડે કરીને તે પ્રતિમાને સાત માસ અને નવ દિવસ સુધી પૂજી. [૧૬] ઉલ્લંઘન ન કરી શકાય એવા પ્રબલ કર્મથી ઉત્પન્ન થયેલ દુઃખ રામને આવેલું જાણીને દેવો તે પ્રતિમાને ફરીથી તે (પ્રતિમા પૂર્વે જ્યાંથી લાવ્યા હતા ત્યાં) સ્થાનકમાં લઇ ગયા. [૧૭] અને ફરીથી પણુ શક્ર (એ પ્રતિમાને) દિવ્ય ભોગો અને ઉચ્ચ ભક્તિથી પૂજવા લાગ્યા. આ પ્રમાણે સંપૂર્ણ અગિયાર લાખ વર્ષ સુધી પૂજી. [૧૮]

---

૧ અહીં તેમજ આગળ જ્યાં જ્યાં કૌંસમાં આંકડા આપ્યા છે તે મૂળના તે તે શ્લોકને બતાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કાળમાં યદુ વંશમાં બળદેવ-કૃષ્ણ અને જિનનાથ ઉત્પન્ન થયા અને યૌવન વયને પામ્યા. કૃષ્ણ રાજ્યને પામ્યા. (૧૯). જરાસંઘ સાથેની લડાઈમાં પોતાનું સૈન્ય ઉપસર્ગ યુક્ત થયું ત્યારે ઉપસર્ગની શાંતિના ઉપાય માટે કૃષ્ણ મહારાજે નેમિનાથને પૂછયું. (૨૦) તે પછી ભગવાને કહ્યું-હે પુરૂષોત્તમ, મારા સિદ્ધિગમન ગચ્છી ત્યાસી હજાર સાતશો ને પચાશ વરશે (૨૧) વિવિધ અધિષ્ટાયક વડે નમાયેલાં છે ચરણકમળ જેનાં એવા શ્રી પાર્શ્વનાથ અરિહંત થશે, જે પાર્શ્વનાથની પ્રતિમાનાં ન્હવણ જળનું સિંચન કરવાથી લોકમાં ઉપદ્રવની શાંતિ થશે. (૨૨) હે સ્વામી, હાલમાં તે જિણંદની પ્રતિમા કયાં રહેલી છે, આ પ્રમાણે વાસુદેવ વડે પુછાયું ત્યારે નેમિનાથે કહ્યું કે તે પ્રતિમા ઇંદ્રથી પુજાય છે. (૨૩) અહીં જિનેશ્વર અને કૃષ્ણ મહારાજના મનોગત ભાવ જાણીને ઇંદ્રે માતલી નામના સારથી સહિત રથ અને પ્રતિમાને આપી. (૨૪) આથી મુરારી ખુશી થયા અને કપુર વગેરે ગો રશવડે ન્હવણ કરીને સુગંધીથી પરિપૂર્ણ અને નિર્મળ ભાવના ચંદન અને શ્રેષ્ઠ પુષ્પો વડે કરીને પ્રતિમાને પૂજી. [૨૫] પછી ઘેરાયેલું સૈન્ય સ્વામીનાં ન્હવણ જળ વડે કરીને છંટાયું. ઉપસર્ગો દુર થયાઃ જેમ યોગીના ચિત્તથી વિષયરૂપ ઉપદ્રવો દૂર થાય છે તેમ. [૨૬] પ્રતિવાસુદેવ બહુ દુઃખની ખાણ સમું મૃત્યુ પામ્યા ત્યારે યાદવ રાજાના બળવાન સૈન્યમાં જયજય નાદ થયો. [૨૭] તે જ વિજય સ્થાનમાં શ્રી જિનેશ્વરના આદેશથી પાર્શ્વપ્રભુનું નવીન બિંબ ભરાવ્યું અને શંખપુર નામનું નવીન શહેર વસાવ્યું અને તે નગરમાં નવીન પાર્શ્વપ્રભુનું બિંબ સ્થાપન કરીને [૨૮] આ પ્રતિમા ( ઇંદ્રે આપેલી પાર્શ્વપ્રભુની પ્રતિમા ) ને સાથે લઇને ગયેલા કૃષ્ણ વાસુદેવનો રાજાઓએ વાસુદેવપણાનો મોટો ઉત્સવ કર્યો. [૨૯] ત્યારબાર કૃષ્ણ વાસુદેવે મણિ કંચન અને રત્નજડિત પ્રાસાદમાં સ્થાપન કરીને આ પ્રતિમા સાતસો વરસ સુધી પૂજી. [૩૦] દેવતાવડે યાદવની જાતિનો અને દ્વારિકાનો નાશ થયો ત્યારે સ્વામીજીના પ્રભાવથી દેવાલયને અગ્નિ લાગ્યો નહિ. (૩૧) તે વખતે સમુદ્રવડે ચપલ લહરીરૂપ હાથવડે કરીને નગરીની સાથે શ્રેષ્ઠ મંદિરયુક્ત નાથ નીરની અંદર લવાયા. (૩૨) તે વખતે ત્યાં નાગ રમણીઓ સાથે રમવાને માટે આવેલા તક્ષત નાગેંદ્ર વડે કરીને પાપને હણનારી આ પ્રભુપ્રતિમા દેખાઇ. [૩૩] તે પછી (નાગેંદ્રે) ઉલ્લાસપૂર્વક અને નાગરમણીઓનાં સુંદર નાટારંભયુક્ત મોટા મહોત્સવપૂર્વક એંશી હજાર વર્ષ સુધી પૂજી. (૩૪)

તે અવસરે પશ્ચિમ દિશાના અધિપતિ શ્રેષ્ઠ વરૂણદેવે સમુદ્રને જોતાં તક્ષત વડે પૂજાયેલા ત્રિભુવન સ્વામી શ્રી પાર્શ્વનાથ (પ્રતિમા)ને જોયા. (૩૫) આ તે જ જગતના પ્રભુ છે જે પૂર્વે સુરનાથ વડે પુજાયા હતા માટે હાલમાં મને પણ સ્વામીનાં ચરણ કમળનું શરણું યોગ્ય છે. (૩૬) પરિપૂર્ણ ચિંતિત અર્થની (મનવાંછિત ફળની) પ્રાર્થના કરીને નિરંતર જિનેશ્વરને પૂજવા લાગ્યો. આમ ચાર હજાર વર્ષ થયા તે સમયે (૩૭) આ ભરત ક્ષેત્રમાં લોકોનાં તિલક સમાન શ્રી વર્ધમાન જિનેશ્વરરૂપી મેઘ નિરંતર વાણી રૂપ પાણીનાં પ્રવાહ વડે કરીને ભવ્ય જીવરૂપ ધાન્યને સિંચતા હતા. (૩૮) કાંતિની કળા વડે કલુષિત કર્યા છે સુરપુરરૂપી કમળો જેણીએ એવી કાંતિનગરીમાં, શુભ છે સમુદાય જેનો એવો ધનેશર નામનો સાર્થવાહ રહેતો હતો. (૩૯) તે શેઠીઓ એક વખત વહાણની મુસાફરી કરવા નીકળ્યો અને વહાણને ચલાવનાર નાવિકયુક્ત સિંહલદ્વીપમાં પહોંચ્યો. (૪૦) ત્યાં કરીયાણાના સમૂહને ગ્રહણ કરીને વેગ વડે પાછાં આવતાં તેનું વહાણ એકદમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રના મધ્ય ભાગમાં થંભી ગયું. (૪૧) જેટલામાં ઉદાસીન થયેલો તે વિચાર કરે છે તેટલામાં શાસનદેવી પદ્માવતી પ્રગટ થઈને બોલી–હે વત્સ! તું બી નહિ, (મારું) વચન સાંભળ. [૪૨] હે ભદ્ર, જગતમાં અજ્ઞાન અને અભિમાનનું મર્દન કરનાર અને વરૂણ દેવતા વડે કરાયેલો છે મહિમા જેનો એવા પાર્શ્વજિન અહીં સમુદ્રના તળીએ રહેલા છે તેને તું સ્વસ્થાનમાં લઈ જા. [૪૩] હે દેવી, સમુદ્રના તળીયાથી જિનેશ્વરને ગ્રહણ કરવામાં મારી શક્તિ કયાંથી હોય? આ પ્રમાણે ધનેશે કહ્યું ત્યારે શાસનદેવી બોલી (૪૪) હે શ્રાવક! મારી પાછળ આવીને પ્રવેશ કર, અને કાચા સુતરનાં તાંતણા વડે પ્રભુને કાઢ અને વહાણમાં બેસાડીને તારી નગરીમાં સ્વસ્થ થઈને લઈ જા. (૪૫) હવે ઉત્પન્ન થયેલા હર્ષની પ્રકૃષ્ટતાથી વિકસ્વર છે રોમરાય જેનાં અને મહાસત્ત્વશાળી એવા તેણે ( સાર્થવાહે ) ત્રણલોકનાં નાથને ગ્રહણ કરવાને માટે [ દેવીનાં કહ્યા પ્રમાણે ] સર્વ કર્યું. (૪૬) અને ક્ષણવારમાં પોતાના સ્થાનમાં આવ્યો અને સમીપમાં તંબુઓ ઠોકાવીને જ્યાં રહ્યો છે ત્યાં તો મનુષ્યો તેની સન્મુખ આવ્યા. (૪૭) સૌભાગ્યવતી નારીઓનાં ધવલ મંગળ વડે અને ગંધર્વનાં ગીત વાજિંત્રના શબ્દ વડે કરીને દિશાઓને બેરી કરતાં અને દાનને આપતાં નાથને પ્રવેશ કરાવ્યો. (૪૮) અને કાંતિનગરીમાં ચાંદીની જેમ સ્વચ્છ કાંતિવાળો પ્રાસાદ કરાવીને ત્રિભુવનનાયકને બિરાજમાન કર્યા અને ભક્તિથી હંમેશાં પૂજવા લાગ્યો. (૪૯) હવે ધનેશર મૃત્યુ પામ્યો ( છતાં પણ ), નગરનાં શ્રેષ્ઠ નાગરિકો વડે પૂજાતા પ્રભુને એક હજાર વર્ષ વ્યતીત થયાં (૫૦) તે વખતે ત્રણ કાળના જ્ઞાનથી યુક્ત પાદલિપ્ત ગણધરના આદેશથી કાંતિપુરીમાંથી પરિકર રહિત દેવાધિદેવની મૂર્તિને રસ સ્થંભન માટે આકાશ માર્ગે મેળવીને નાગાર્જુન નામના યોગીંદ્રે પોતાના સ્થાનમાં આણી. (૫૧–૫૨) કૃતાર્થ થયેલો યોગી નાથને અટવીમાં ભૂમિમાં મૂકીને ગયો અને રસસ્થંભનથી સ્થંભન નામનું તીર્થ થયું. (૫૩) ઉગેલા વાંસની જાળની અંદર કંઠ સુધી ભૂમિમાં રહેલ અને ગાયનાં દુધ વડે સ્નપિત છે અંગ જેના એવી (આ પ્રતિમા)નું મનુષ્યો વડે કરીને યક્ષ નામ કરાયું. (૫૪) આ પ્રમાણે ત્યાં રહીને પૂજાતા જિનનાથને પાંચસો વરસ થયાં ત્યારે ધરણેન્દ્રે કરેલ છે સાનિધ્ય જેને અને જાણ્યો છે સૂત્રનો સાર જેણે એવા [૫૫] વળી દૂર કર્યો છે દુઃખને આપનારો રોગનો સમૂહ જેણે એવા અભયદેવસૂરિએ અત્યંત મહિમાથી દીપતું તીર્થ પ્રકટ કર્યું. [૫૬] મોટા મોટા મહિમાથી શોભતા ભગવાન ફરીથી કાંતિપુરીમાં જશે. ત્યાંથી સમુદ્રમાં અને ઘણા ઘણા નગરોમાં જશે. (૫૭) આ પ્રતિમાના ભૂતકાળનાં અને ભવિષ્ય કાળનાં સ્થાનોને કહેવાને કોણ સમર્થ હોય? [ખરેખર] જો તે હજાર મુખવાળો અને લાખ જીભવાળો હોય તો પણ કહેવાને સમર્થ નથી. (૫૮) પાવાપુરી, ચંપાપુરી, અષ્ટાપદજી, રેવતગિરી, સમેતશિખર, વિમળગિરિ, કાશી, નાસિક, મિથિલા, રાજગૃહી પ્રમુખ તીર્થોને વીષે [૫૯] યાત્રા કરવાથી–પૂજા કરવાથી અને દાન આપવાથી જે ફળ જીવને પ્રાપ્ત થાય છે તે ફળ અહીં પાર્શ્વપ્રભુની પ્રતિમાનાં દર્શન માત્રથી પ્રાપ્ત થાય છે. (૬૦) પાર્શ્વનાથ સ્વામીને વંદન કરવાની ભાવના માત્રથી એક માસના ઉપવાસનું ફળ મળે છે અને પ્રતિમાના દર્શન કરવાથી છ માસના ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. (૬૧) વળી પ્રભુની દષ્ટિમાં દેખાયેલો મનુષ્ય જો પુત્રરહિત હોય તો બહુ પુત્રવાળો, ધન રહિત હોય તો કુબેરનાં સમાન ધનવાન અને દુર્ભાગી હોય સૌભાગી થાય છે. (૬૨)

[ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૯૯મા પાનાનું અનુસંધાન )

વળી વિજયસેનની શિષ્યપરંપરા લેખમાં બતાવી જ નથી અને તેની પરંપરામાં ધર્મદાસ નામના શિષ્ય કહેલ છે જ નહિ. એક ધર્મદાસ છે તે કુંવરજીની અપરમાતા અને બાદુઆની બીજી સ્ત્રી હીરાબાઇના પુત્ર એટલે કુંવરજીના ઓરમાન ભાઇ હતા.

(૭) લેખના ૩૨ શ્લોકના પ્રથમના બાર શ્લોકમાં વિજયસેનસૂરિથી પરંપરાના શિષ્ય ધર્મદાસ પર્યંતના સૂરિઓની પ્રશસ્તિઓ છે એમ જણાવ્યું છે તે યથાર્થ નથી. તે ૧૨ શ્લોકમાં ઋષભદેવની સ્તુતિ ને વર્ધમાનના સુધર્માસ્વામી, કોટિક ગચ્છ, વજ્રશાખા ને ચંદ્રકુલ, તપાગચ્છના સ્થાપક જગચ્ચંદ્રસૂરિ, તેની પરંપરાના આણંદવિમલસૂરિ, તેના પટધર વિજયદાનસૂરિ, તેના પટધર હીરવિજયસૂરિ અને તેના પટધર વિજયસેનસૂરિનું વર્ણન અને પ્રશસ્તિ છે.

કાવીતીર્થની યાત્રાએ તા. ૧૨મી મે ૧૯૪૦ દિને પહોંચી વળતે દિને સ્તવન પૂજા કરી લેખો સર્વ ઉતારી કાવીનું બંદર જોયું. ખંભાત બંદર સામું દેખાતું હતું. મંદિરો ઉપરથી પણ તે દેખાય છે. ભાવનગરથી બંદર માર્ગે કાવીમાં પુષ્કળ માલ આવતો હતો, અને હાલ બંધ થયો છે. ખંભાત બંદર ને કાવી બંદર વચ્ચે હોડીનો વ્યવહાર છે અને એક બે કલાકનો માર્ગ છે. બન્ને બંદર સુધારવામાં આવે તો દરિયાઇ વ્યવહારથી ઘણા ઓછા ખર્ચે માલની આવજા થઈ શકે અને વેપાર વધી શકે તેમ છે. ખંભાતથી રેલ રસ્તે કાવી આવવામાં મોટા ચકાવો લેવો પડે છે અને વખત ઘણો વધુ લે છે. રેલ વ્યવહારને ભોગે દરિયાઇ વ્યવહારની સરલતા રાજકર્તાને પોષાતી નથી લાગતી. કાવી બંદરનો કાંઠો મુંબઇની ચોપાટી જેવો છે.

કાવી પૂર્વે એક વિશાળ નગર અને સારૂં બંદર હોવું જોઇએ. કહેવાય છે કે તેને કંકાવતી નગરી કહેવામાં આવતી. તેની સામે ખંભાત એટલે ત્રંબાવતી નગરીનું બંદર. પાસે બીજું ગંધાર બંદર. ત્રણે પૂર્વે એકબીજાની હરીફાઇ કરે તેવી વૈભવશાળી નગરીઓ બંદર પર આવેલી હોવી જોઈએ. ગંધારમાં શ્રીમાલી વજીઆ અને રાજીઆ નામના બે ભાઈઓએ ચિંતામણિપાર્શ્વનાથ પ્રાસાદ કરાવ્યો કે જેની પ્રતિષ્ઠા ઉક્ત વિજયસેનસૂરિએ જ સં. ૧૬૪૪માં કરી હતી. [જિ. ૨ નં. ૪૫૦ બુ. ૨ નં. ૫૨૯ ને ૬૯૮] કાવીથી કાવી બંદર જતાં ગામની બહાર એક જૂનું તળાવ, અનેક મંદિરો, વાવ, વગેરે છે. અને પ્રદેશ ઘણો મનોહર છે. શોધકો માટે તે વિશાળ ક્ષેત્ર બને એમ જણાયું. એમ કહેવાય છે કે પૂર્વે કાવીમાં કપિલ બ્રાહ્મણો હતા ને તેમને મુસ્લિમ ધર્મમાં વટલાવ્યા હતા. જૈનોનું એક પણ ઘર અત્યારે નથી. જૂની મસ્જિદ તેના સ્થાપત્ય પરથી પહેલાં જૂનું મંદિર હોવાનું જણાય છે. દુર્ભાગ્યે સમયના અભાવે તે જઈને હું જોઇ મારી ખાત્રી કરી શકયો નહિ. ગંધારની યાત્રા કરવાની પ્રબલ ઇચ્છા હતી, પણ ત્યાં જવા માટે અગવડો ઘણી હતી તેથી ત્યાં જવાનું મુલતવી રાખ્યું.

કાવીનાં હવા પાણી તંદુરસ્તી બક્ષે તેવાં છે; દેરાસરમાંની ધર્મશાળા રહેવા લાયક છે, અને આરોગ્યભુવન તરીકે વાપરી શકાય તેમ છે. દેરાસરના વહીવટ કરતા મહેતાજી ત્યાં જ કાયમ રહે છે ને સુખસગવડો પૂરી પાડે છે. તેથી ત્યાં જનારા પ્રભુસેવા સાથે આરોગ્ય-વૃદ્ધિ પણ આસાનીથી પ્રાપ્ત કરશે. કાવીની યાત્રાથી પ્રસન્ન ચિત્ત થઇ ૧૩મી મેને દિને રવાના થઇ ઝઘડીઆની યાત્રાએ ગયો. ત્યાંના લેખો વગેરે ઉતાર્યા છે તે હવે પછી પ્રકટ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**પ્રતિષ્ઠા—**

(૧) અનુપશહેર (પંજાબ) માં જેઠ વદિ ૧૦ ના દિવસે શ્રી સુમતિનાથ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી.

(૨) મારવાડ જંકસનમાં અષાઢ શુદિ ૨ ના દિવસે પ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રસંગે યતિ શ્રી લબ્ધિસાગરજી પધાર્યા હતા.

(૩) નીમચ (માળવા) માં શ્રી સુમતિનાથ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી.

**દીક્ષા—**

(૧) નોઘણવદરમાં જેઠ શુદિ ૧૧ ના દિવસે પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે ભાઈશ્રી કાંતિલાલને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુનિ શ્રી મિત્રાનંદવિજયજી રાખવામાં આવ્યું.

(૨) સીરપુર (ખાનદેશ)માં જેઠ શુદિ ૧૧ ના દિવસે પૂ. પંન્યાસ શ્રી ચંદ્રવિજયજી મહારાજે ખેતાસર (મારવાડ) વાસી શ્રીયુત ધનજીભાઈ ગટિયાને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુનિ શ્રી ભુવનવિજયજી રાખીને તેમને પોતાના શિષ્ય બનાવ્યા.

(૩) અમદાવાદમાં અષાડ શુદિ ૯ ના દિવસે પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજે જામકંડારણાના રહીશ શ્રીયુત છગનલાલ કલ્યાણજીને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુનિ કેવળપ્રભવિજયજી રાખવામાં આવ્યું અને તેમને મુ. મ. શ્રી. દક્ષવિજયજીના શિષ્ય બનાવ્યા.

**આચાર્યપદ-**

મુંબઈમાં અષાડ શુદિ ૭ ના દિવસે પૂ. આચાર્ય શ્રી જિનઋદ્ધિસૂરિજી મહારાજે શ્રી રત્નમુનિ ગણિને આચાર્ય-પદ આપ્યું.

**ઉપાધ્યાયપદ-**

મુંબઈમાં અષાડ શુદિ ૭ ના દિવસે પૂ. આચાર્ય શ્રી જિનઋદ્ધિસૂરિજી મહારાજે મુનિ શ્રી લબ્ધિવિજયજીને ઉપાધ્યાયપદ આપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg.d No. B. 3801


# અડધી કિંમતે મળશે

શ્રી જૈન સત્ય પ્રકાશનો

## શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભ. મહાવીર સ્વામીના જીવન સંબંધી વિદ્વાનોએ લખેલા અનેક લેખોથી સમૃદ્ધ ૩૫૦ પાનાનો દળદાર અંક.

મૂળ કિંમત બાર આના.

**ઘટાડેલી કિંમત છ આના**

( ટપાલ ખર્ચ એક આનો વધુ )

ભગવાન મહાવીરસ્વામીનું

## ત્રિરંગી ચિત્ર

કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુંદર ચિત્ર.

૧૪" × ૧૦"ની સાઇઝ, સોનેરી બૉર્ડર

મૂળ કિંમત આઠ આના.

**ઘટાડેલી કિંમત ચાર આના**

( ટપાલ ખર્ચ દોઢ આનો વધુ )

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**

જેશિંગભાઇની વાડી, ઘી કાંટા, અમદાવાદ.


For Private And Personal Use Only